સુવિચાર

''ખોટું લાગે એવું
સત્ય બોલાય,
પણ સત્ય લાગે એવું
ખોટું ન બોલાય.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૧૦/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (લાઠીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ આસો સુદ-૧૪ વર્ષ : ૧૭ અંક : ૨૬૪

ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયા કરોડો રૂપિયાની ગ્રાન્ટ લાવવામાં સફળ

વણથંભી વિકાસયાત્રા : અમરેલી પંથકમાં કરોડો રૂપિયાનાં ખર્ચે થાય છે વિકાસ કાર્યો

સરંભડા ખાતે રૂપિયા ૨.૭૫ કરોડનાં વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

કેરાળા ગામે રૂપિયા ૮૦ લાખનાં ખર્ચે માર્ગનું નવિનીકરણ હાથ ધરાશે

વડેરા ગામે રૂપિયા ૨ કરોડનાં ખર્ચે માઈનોર બ્રિજનાં નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત

છેલ્લા ૪ વર્ષમાં અમરેલી પંથકમાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ રાજ્ય સરકારે ફાળવી



અમરેલી, તા. ૨૩

અમરેલી વિધાનસભા વિસ્તારમાં છેલ્લા ૪ વર્ષમાં રાજ્ય સરકારની કરોડો રૂપિયાની ગ્રાન્ટની વણથંભીવિકાસયાત્રાનોપ્રારંભથયોછે. જે અંતર્ગત અમરેલી વિધાનસભા ક્ષેત્રના વડેરા ગામે ઊર્જા રાજયમંત્રી અને સાંસદ ભરતભાઈ સુતારિયાના હસ્તે અંદાજિત રૂા. ૨ કરોડનાખર્ચેનવનિર્મિતથનારામાઈનોર બ્રિજના નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આવિકાસકાર્યથી ગ્રામ્યવિસ્તારની પરિવહનસુવિધાઓને વધુસુદ્રઢબનાવવાનીદિશામાંમહત્વપૂર્ણ પહેલકરવામાંઆવીછે.

વડેરા ગામે માઈનોર બ્રિજનું નિર્માણ પૂર્ણ થવાથી ગ્રામજનોને ચોમાસા દરમિયાન તેમજ સામાન્ય દિવસોમાં આવાગમન માટે પડતી મુશ્કેલીઓનો કાયમી ઉકેલ મળશે. આ પુલના નિર્માણથી અવરજવર વધુ સરળ અને સુરક્ષિત બનશે, જેના પરિણામે ગ્રામજનોને રોજિંદા

અનુસંધાન પાના ૬ ઉપર

કમલેશભાઈ દેવાભાઈ સિંધવ અને દિનેશભાઈ કમલેશભાઈ સિંધવનું કારસ્તાન

અમરેલીની ''પટેલ માધવલાલ મગનલાલ'' નામની આંગડીયા પેઢીનાં ૨ કર્મચારીઓએ રૂપિયા ૨.૦૮ કરોડની છેતરપીંડી કરી

૨ ઓકટોબરથી ૫ ઓકટોબર સુધીમાં આવેલ તમામ રૂપિયાની ઉઠાંતરી કરી લીધી

અમરેલી, તા. ૨૩

અમરેલીના ભીડભંજન ચોક પાસે, હીરક બાગ શોપીંગ સેન્ટરના પ્રથમ માળે આવેલ 'પટેલ માધવલાલ મગનલાલ ની કંપની' ની આંગડીયાની પેઢીમાં કામ કરતાં બે કર્મચારીઓ આંગડીયાની પેઢીનો ગત તા. ૨ થી ૫ ઓકટોબરના દિન ત્રણનો હિસાબ તથા પેઢી ખાતે જમા આવેલ રોકડ રકમ મળી કુલ આશરે રૂપિયા ૨,૦૮,૦૦,૦૦૦ (બે કરોડ આઠ લાખ) પેઢીના માલિકની જાણ બહાર ઓળવી જઈ પેઢીના માલિક સાથે વિાસઘાત કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલીમાં ભીડભંજન ચોક, હીરક બાગ શોપીંગ સેન્ટરના પ્રથમ માળે આવેલ 'પટેલ માધવલાલ મગનલાલની કંપની' ની આંગડીયાની પેઢીમાં કામ

અનુસંધાન પાના ૬ ઉપર

અજાણ્યા ઈસમોએ ઈ-ચલણની લીંક મોકલી કારસ્તાન કર્યુ

બાબરા : કોટડાપીઠાનાં કર્મકાંડી આધેડ અને તેમના પત્નીનાં બેન્ક ખાતામાંથી નાણાની ઉઠાંતરી

કુલ રૂપિયા ૧૦.૧૮ લાખની રકમ ટ્રાન્સફર થતાં ફરિયાદ

અમરેલી, તા. ૨૩

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતા અને કર્મકાંડ કરતાં હરેશભાઈ રમણીકભાઈ ભટ્ટ નામના ૪૯ વર્ષીય આધેડની જાણ બહાર તેમના બેંક ઓટીપીનો ઉપયોગ કરી કોઈ અજાણ્યા ઈસમે અજાણ્યા

અનુસંધાન પાના ૬ ઉપર











વિપક્ષી નગરસેવિકા દક્ષાબેન ચૌહાણે નિયામકને પત્ર પાઠવ્યો

અમરેલી પાલિકાનાં વોર્ડ નં–૯ માં ખુલ્લી ગટરની સફાઈ કરવામાં ઠાગાઠૈયાથી નારાજગી

પાલિકાના આરોગ્ય અધિકારી સામે ખાતાકીય પગલા લેવાની માંગ કરી

અમરેલી, તા. ૨૩

અમરેલી પાલિકાના વિપક્ષી નગરસેવિકા દક્ષાબેન ગોપાલભાઈ ચૌહાણે પાલિકાનાં પ્રાદેશિક નિયામક અને જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, મારા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ખુલ્લી ગટરની ગંભીર સમસ્યા પ્રવર્તી રહી છે ગટરો સમયસર સાફ ન થવાના કારણે ગંદકી અને રોગચાળો ફેલાવવાનો મોટો ભય ઉભો થયો છે આ બાબતે અવાર–નવાર ચીફ ઓફિસરને લેખિત તથા મૌખિક રજુઆતો કરેલી છે. આ ગંભીર સમસ્યા અંગે નગરપાલિકાનાં આરોગ્ય અધિકારી અવાર–નવાર મોબાઈલ ફોન દ્વારા સંપર્ક કરી સ્થિતીની ગંભીરતા સમજાવ તાકીદે ગટર સફાઈ કરાવી તેની ઉપર આર.સી.સી. ઢાંકણા નાખી આપવા સુચના અને ફરિયાદો કરેલ છે.

પરંતુ અત્યંત દુઃખ અને આક્રોશ સાથે જણાવવાનું પડે છે કે, અરોગ્ય અધિકારી મારી કાયદેસરની અને લોકહિતની ફરિયાદો પ્રત્યે તદ્દન ઉદાસીન વલણ દાખવી રહયા છે. ફોન ઉપર વાતચીત દરમિયાન તેઓ સંતોષકારક જવાબ આપવાને બદલે ઉડાવ અને અસહકારભર્યો જવાબ આપે છે.

વધુમાં જણાવેલ છે કે, હું વિરોધપક્ષની કોર્પોરેટર હોવાને કારણે તેઓ મારી સાથે અંગત કિન્નાખોરી રાખીને મારા વિસ્તારનાં કામો જાણીજોઈને અટકાવી રહયા છે. જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા અને પોતાની ફરજ ચુકનાર આ અધિકારીની કામગીરી શંકાસ્પદ અને ભ્રષ્ટાચાર તરફ આંગળી ચીંધે તેવી છે.

વધુમાં જણાવેલ છે કે, લોકશાહી જનપ્રતિનિધિ દ્વારા કરવામાં આવતી રજુઆતોને આ રીતે અવગણવી એ સમગ્ર વહીવટીતંત્ર અને જનતાનુ અપમાન છે. અધિકારીની આવી મનસ્વી અને કિન્નાખોરીભરી નિતિના કારણે વોર્ડ નં–૯નાં રહીશો નરકાગાર જેવી સ્થિતીમાં જીવવા મજબુર બન્યા છે.

વધુમાં જણાવેલ છે કે, સ્થાનિક રજુઆતોને અવગણનાર અને જનપ્રતિનિધિ સાથે અશોભનીય વર્તન કરનાર આરોગ્ય અધિકારી સામે તાત્કાલિક કડક ખાતાકીય પગલા લેવામાં આવે અને તપાસ સમિતિ નીમવામાં આવે વોર્ડ નં–૯ માં આવેલી ખુલ્લી ગટરોની સફાઈ યુદ્ધના ધોરણે કરાવી તેની પર તાકીદે મજબુત ઢાંકણા બેસાડવા ચીફ ઓફિસરને કડક આદેશ કરવામાં આવે. જો આ બાબતે આગામી દિવસોમાં યોગ્ય અને સકારાત્મક પગલા લેવામાં નહી આવે તો જનહિતમાં મારે ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની કે ઉપવાસ પર ઉતરવાની ફરજ પડશે, જેની સંપુર્ણ જવાબદારી રહેશે, તેમ અંતમાં જણાવેલ છે.

તાલુકા પંચાયત પ્રમુખ જગદીશભાઈ દેથલિયાની પીજીવીસીએલ તંત્રને લેખિત રજૂઆત કરી

લીલીયા તાલુકાનાં ગામોમાં વીજ મીટર ઘરની બહાર લગાવવા સામે વિરોધ વ્યકત કરાયો

ગ્રામજનોનાં હિતમાં નિર્ણય કરવા માંગ

લીલીયા, તા. ૨૩

લીલીયા તાલુકાનાં વિવિધ ગામોમાં પીજીવીસીએલ દ્વારા વીજ ગ્રાહકોનાં ઘરની બહાર શેરીઓમાં વીજ મીટર લગાવવાની કામગીરી સામે સુરક્ષાના મુદ્દે સવાલો ઊભા થયા છે. આ મામલે તાલુકા પંચાયતનાં પ્રમુખ જગદીશભાઈ દેથલિયાએ સંબંધિત વીજ તંત્રને લેખિત રજૂઆત કરી ગામનાં નાગરિકોનાં હિતમાં યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, તાલુકાનાં વિવિધ ગામોમાં ઘરની બહાર શેરીઓમાં થાંભલા ઉપર કે ખુલ્લી જગ્યાએ વીજ મીટર લગાવવાની કામગીરી ચાલી રહી છે. આવી જગ્યાએ લગાવવામાં આવતા વીજ મીટરની ચોરી થવાની તેમજ મીટરને નુકસાન પહોંચાડવામાં આવે તેવી શકયતાઓ વ્યકત કરવામાં આવી છે. ખાસ કરીને રાત્રિનાં સમયે મીટરની ચોરી કે અસામાજિક તત્વો દ્વારા નુકસાન પહોંચાડવામાં આવે તો તેની જવાબદારી કોની રહેશે તેવો પ્રશ્ન પણ રજૂઆતમાં ઉઠાવવામાં આવ્યો છે. વધુમાં, ખુલ્લામાં લગાવેલા મીટર પર વરસાદી પાણી પડવાથી શોર્ટ સર્કિટ કે અકસ્માત થવાનો ભય રહેતો હોવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. મીટર ઘરની બહાર લગાવવાનાં કારણે ચોરી કે નુકસાન થાય તો સામાન્ય વીજ ગ્રાહકને બિનજરૂરી મુશ્કેલી ન પડે તે માટે સ્પષ્ટ જવાબદારી નક્કી કરવાની પણ માંગ કરવામાં આવી છે.

તાલુકા પંચાયત પ્રમુખ જગદીશભાઈ દેથલિયાએ માંગ કરી છે કે દરેક વીજ ગ્રાહકનું મીટર તેમના ઘરની અંદર અથવા સુરક્ષિત અને યોગ્ય જગ્યાએ લગાવવામાં આવે. જો તંત્ર દ્વારા મીટર ઘરની બહાર શેરીમાં લગાવવામાં આવે, તો મીટરની ચોરી, નુકસાન કે અન્ય કોઈ અનિચ્છનીય બનાવની સ્થિતિમાં તેની કાયદાકીય અને આર્થિક જવાબદારી પીજીવીસીએલ તંત્રની રહેશે કે કેમ તે અંગે સ્પષ્ટતા કરવા પણ પત્ર મારફત માંગ કરવામાં આવેલ છે.

જુનાગઢ રેન્જનાં ડીઆઈજીનાં માર્ગદર્શનતળે

ગીરસોમનાથ જિલ્લામાં સંગઠિત ગુનાખોરી કરતી ટોળકી સામે GUJCTOC હેઠળ કાર્યવાહી

વેરાવળની ટોળકીના ૫ સભ્યો સામે ગુનો નોંધાયો

ઉના, તા. ૨૩

ગીર સોમનાથ જિલ્લામાં સંગઠિત ગુનાખોરીની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવા ગીર સોમનાથ પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. શરીર સંબંધી, મિલકત સંબંધી, ગઉજ, પ્રાણી ક્રૂરતા અને પ્રોહિબિશન સહિતના વિવિધ ગુનાઓમાં સંડોવણી ધરાવતી હોવાની વિગતોના આધારે વેરાવળની એક ટોળકી સામે ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઇમ (GUJCTOC) એકટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસમાં ટોળકીના મુખ્ય સૂત્રધાર સહિત કુલ પાંચ સભ્યો સામે કાર્યવાહી કરવામાં આવી છે, જેમાંથી ચાર ઈસમોને પોલીસે હસ્તગત કર્યા છે, જયારે એક ઈસમને પકડવાનો બાકી હોવાનું જણાવાયું છે.


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

જૂનાગઢ રેન્જના ડીઆઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમા અને ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એલસીબીના પોલીસ ઈન્સ્પેકટર એમ.કે. વણારકાની ટીમે ટોળકીના ગુનાહિત ઈતિહાસ અંગે માહિતી એકત્રિત કરી આગળનીકાયદેસરની કાર્યવાહી કરી હતી.

અનેક પ્રકારના ગુનાઓમાં સંડોવણીની વિગતો, પોલીસના જણાવ્યા અનુસાર, વેરાવળ શહેર, પ્રભાસ પાટણ તથા ગીર સોમનાથ જિલ્લાના અન્ય વિસ્તારોમાં ટોળકીના સભ્યો છેલ્લા ઘણા સમયથી એકબીજાના સહયોગથી વિવિધ ગુનાઓ આચરતા હોવાની વિગતો મળી હતી. તેમાં મારામારી, રાયોટિંગ, લૂંટ, ઘરફોડ ચોરી, સાદી ચોરી, મિલકતને નુકસાન, હથિયારધારા ભંગ, ગેરકાયદે ગેવંશની ચોરી અને કતલ, પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા, દારૂના કબજા અને વેચાણ સંબંધિત ગુનાઓ તેમજ NDPS અને મોટર વાહન અધિનિયમના ભંગ જેવા ગુનાઓનો સમાવેશ થાય છે.

પોલીસે ટોળકીના સભ્યોના ગુનાહિત ઈતિહાસ અને તેમની વચ્ચેની કથિત સાંઠગાંઠ અંગે માહિતી એકત્રિત કર્યા બાદ સંગઠિત ગુનાખોરીને નિયંત્રણમાં લેવા GUJCTOC કાયદા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની વિગતો અનુસાર, ટોળકીના મુખ્ય સૂત્રધાર તરીકે ઓળખાવાયેલા સોહીલ ઉર્ફે ચક્કી મુસ્તાકભાઈ કુરેશી સામે ૨૨ ગુનાઓ નોંધાયેલા હોવાનું જણાવાયું છે. જયારે અન્ય સભ્યો સામે પણ અગાઉના ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસના રેકોર્ડમાં દર્શાવવામાં આવ્યું છે. ટોળકીના પાંચ સભ્યોની વિગતો નીચે મુજબ છે, સોહીલ ઉર્ફે ચક્કી મુસ્તાકભાઈ કુરેશી (ઉંમર ૨૨ વર્ષ): રહે.પ્રિન્સ કોલોની, અલીભાઈ સોસાયટી, વેરાવળ . પોલીસ મુજબ ગેંગ લીડર. કુલ ૨૨ ગુનાઓ. આદિલ ઉર્ફે વાંદરી અનવરભાઈ શેખ (ઉંમર ૨૩ વર્ષ): રહે. બાગે યુસુફ કોલોની, મેમણ બ્લોક પાસે, વેરાવળ. કુલ ૧૦ ગુનાઓ. અસ્પાક ઉર્ફે ગાદલો હનીફભાઈ પંજા (ઉંમર ૨૩ વર્ષ): રહે. સોમનાથ ટોકીઝ વિસ્તાર, અલીભાઈ કોલોની, વેરાવળ. કુલ ૧૦ ગુનાઓ. અલ્ફાઝ ઉર્ફે શૂટર આમદભાઈ સુમરા (ઉંમર ૨૦ વર્ષ) રહે. સોમનાથ ટોકીઝ વિસ્તાર, આઈ.ડી. ચેહાણ સ્કૂલ પાસે, વેરાવળ. કુલ ૬ ગુનાઓ.સુફિયાન સલીમભાઈ ચોરા (ઉંમર ૨૮ વર્ષ): રહે. અજમેરી કોલોની, પુલ પાસે, વેરાવળ. કુલ ૩ ગુનાઓ. પોલીસ દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, આ પાંચ સભ્યો સામે અગાઉના ગુનાઓનો કુલ આંકડો ૫૧ થાય છે. આ આંકડો નોંધાયેલા ગુનાઓનો છે, દરેક કેસમાં દોષ સાબિત થયો હોવાનું તે દર્શાવતો નથી.

આ સમગ્ર મામલે વેરાવળ સિટી પોલીસ સ્ટેશનમાં ગુના રજિસ્ટર નંબર ૧૦૩૧/૨૦૨૬ હેઠળ GUJCTOC એકટ, ૨૦૧૫ની કલમ ૩(૧)(શશ), ૩(૨) અને ૩(૪) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસની વિગતો અનુસાર, પાંચમાંથી ચાર ઈસમોને હસ્તગત કરવામાં આવ્યા છે, જયારે એક ઈસમને પકડવાનો બાકી છે. આ કેસની આગળની તપાસ વેરાવળ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ ખાતે

અમરેલી જિલ્લાના ખેડૂતોની પ્રાકૃતિક ખેતી અંગેની એક દિવસીય મુલાકાત યોજાઈ



અમરેલી, તા. ૨૩

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ ખાતે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી તથા ફેન્ડસ ઓફ વિમેન વર્લ્ડ બેંકિંગના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨ ઓકટોબર, ૨૦૨૬ના રોજ અમરેલી જિલ્લાના ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી અંગેની એક દિવસીય અભ્યાસ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અભ્યાસ મુલાકાતમાં અમરેલી જિલ્લાના હડાળા, ડેરી પિપરીયા, સનાળા, માયા પાદર, ચિત્તલ, લુણીધાર, નાના આંકડિયા અને ખરી ખીજડિયા સહિતનાં વિવિધ ગામોના કુલ ૩૫ ખેડૂતોએ ભાગ લીધો હતો. જેમાં ૨૪ મહિલા ખેડૂતો અને ૧૧ પુરૂષ ખેડૂતોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડો. સી. કે. ટિમ્બડિયા સાથે ખેડૂતોનો સંવાદ યોજાયો હતો. માનનીય કુલપતિએ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવી, ખેતીમાં સ્થાનિક સંસાધનોના મહત્તમ ઉપયોગ અંગે માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. વધુમાં, પ્રાકૃતિક ખેતી, ગુણવત્તાયુક્ત ખાદ્ય પદાર્થો અને માનવ સ્વાસ્થ્ય વચ્ચેના સંબંધ અંગે સમજણ આપી ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહિત કર્યા હતા.

મુલાકાતના ભાગરૂપે યુનિવર્સિટીના સંશોધન નિયામક ડો. જી. ડી. વડોદરિયાના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને યુનિવર્સિટી ખાતે પ્રાકૃતિક ખેતીના વિવિધ મોડેલોની મુલાકાત કરાવવામાં આવી હતી. આ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની વિવિધ પદ્ધતિઓ, તેના વ્યવહારૂ અમલીકરણ તથા ટકાઉ કૃષિ વ્યવસ્થામાં તેના મહવઅંગે પ્રત્યક્ષ માહિતી પૂરી પાડવામાં આવી હતી.ખેડૂતોને કૃષિ ક્ષેત્રે સંગઠિત થવાના મહવ તથા આર્થિક સશક્તિકરણની તકો અંગે માહિતગાર કરવાના હેતુથીખેડૂત ઉત્પાદક સંગઠન (એફપીઓ) અને ખેડૂત ઉત્પાદક કંપની (એફપીસી) વિષય પર પણ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ખેડૂતોને સામૂહિક વ્યવસ્થાપન, કૃષિ પેદાશોના મૂલ્યવર્ધન તથા સંગઠિત માળખા દ્વારા કૃષિ વ્યવસાયને વધુ સક્ષમ બનાવવાની દિશામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉક્ત અભ્યાસ મુલાકાતનું આયોજન કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના આચાર્ય ડો. એસ. પી. દેશમુખ, માર્ગદર્શનહેઠળ મદદનીશ પ્રાધ્યાપક ડો. કે. વી. મશાલિયા તથા ખેતી અધિકારી એચ. વી. વળિયા દ્વારા સંકલન કરવામાં આવ્યું હતું.

આ અભ્યાસ મુલાકાતના માધ્યમથી ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની વિવિધ પદ્ધતિઓ, દેશી ગાય આધારિત ખેતી, પોષક તવોનું વ્યવસ્થાપન, જમીનના સ્વાસ્થ્યમાં સૂક્ષ્મજીવોનું મહવ તથા ખેડૂત ઉત્પાદક સંગઠનોની કામગીરી અંગે ઉપયોગી માહિતી પ્રાપ્ત થઈ હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી અંગે વૈજ્ઞાનિક સમજ વિકસાવવા, પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓના વ્યવહારૂ અમલીકરણને પ્રોત્સાહન આપવા તથા કૃષિ ક્ષેત્રેખેડૂતોની ક્ષમતા વૃદ્ધિ કરવાનો હતો.

બગસરા : શ્રી રાજપૂત સમાજ દ્વારા દશેરા નિમિત્તે શસ્ત્રપૂજન યોજાયું


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૩

બગસરામાં દશેરાના પવિત્ર પર્વ નિમિત્તે શ્રી રાજપૂત સમાજ દ્વારા જૂના સ્વામિનારાયણ મંદિર, બંગલી ચોક ખાતે પરંપરાગત રીતે શસ્ત્રપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સમાજના પ્રમુખ મંગલસિંહ રાઠોડ, સમાજના ટ્રસ્ટીઓ તેમજ સમાજના આગેવાનો, વડીલો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. ધાર્મિક વિધિ અને મંત્રોચ્ચાર સાથે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું.નવી પેઢીમાં સંસ્કાર, એકતા અને સમાજ પ્રત્યેની લાગણી મજબૂત બને તેવા હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો.જયારે કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર તમામ સમાજ બંધુઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

વડિયા પોલીસના રકતદાન કેમ્પમાં ૬૪ બોટલ રક્ત એકત્રિત થયું



વડિયા, તા. ૨૩

રકતદાન એ મહાદાનના સૂત્રને સાર્થક કરતાં વડિયા પોલીસ સ્ટેશન દ્વારા વડિયા સિવિલ હોસ્પિટલ ખાતે મેગા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ તથા શાંતાબા મેડિકલ કોલેજના સહયોગથી યોજાયેલા આ કેમ્પનું આયોજન વડિયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર પી.ડી. ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ રકતદાન કેમ્પમાં રકતદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કુલ ૬૪ બોટલ રકતનું દાન કર્યું હતું. રકની અછતને પહોંચી વળવા અને જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રકત ઉપલબ્ધ થાય તેવા ઉમદા હેતુથી આ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

આજના સમયમાં અકસ્માત, શસ્ત્રક્રિયા તથા વિવિધ બીમારીઓ દરમિયાન દર્દીઓને રકની જરૂરિયાત ઊભી થતી હોય છે. ત્યારે રકદાન દ્વારા કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિનો જીવ બચાવી શકાય છે. આ જ ભાવનાને પ્રયાનમાં રાખીને વડિયા પોલીસ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે આ સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. પોલીસ તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની કામગીરીની સાથે માનવસેવા અને સમાજહિતનાં કાર્યોમાં પણ યોગદાન આપવામાં આવી રહ્યું છે. વડિયા ખાતે યોજાયેલા આ રકતદાન કેમ્પમાં ૬૪ બોટલ રકત એકત્રિત થવું માનવસેવા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

પોલીસ અધિક્ષકને પત્ર પાઠવીને

બાબરાનાં પાનસડા ગામનાં ફરિયાદીએ આરોપીને જેલ હવાલે કરવા માંગ કરી

એટ્રોસીટી અને લુંટનાં ગુન્હાનાં આરોપીથી ફરિયાદી ઉપર જોખમ

બાબરા, તા. ૨૩

બાબરાનાં પાનસડા ગામનાં ફરિયાદી બાબુભાઈ સોંધરવાએ પોલીસ અધિક્ષકને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપી છગનભાઈ રવજીભાઈ વઘાસીયા દ્વારા અમો અને અમારી પત્ની પર જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી માર મારી અને રૂા. ૧૫૦૦ની લુંટ કરી ભાગી ગયેલ હોય જેથી અમોએ બાબરા પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજી. નં. ૧૧૧૯૩૦૦૮૨૬૦૩૧૦થી ફરિયાદ કરેલ હોય. જેથી હાલનાં આરોપી સતત ભાગતા ફરતા હોય અને છેલ્લે તારીખ ૩૦/૭/૨૦૨૬નાં રોજ ફરીવાર જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય અને સમાધાન કરવા દબાણ કરતા હોય જેથી અમોએ ફરિયાદ કરેલ હોય જેથી પોલીસ દ્વારા ચેપ્ટર જામીન પણ લીધા હોય. સેસન્સ કોર્ટ દ્વારા આરોપીનાં આગોતરા જામીન અરજી નામંજુર કરવામાં આવેલ હોય અને હાલ આરોપીએ નામ હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ માટે ગયેલ હોય. અને હાઈકોર્ટ દ્વારા ધડમકડ ન કરવા અંગે કોઈ પણ પ્રકારનો મનાઈ હુકમ ન હોવા છતાં આરોપી હાલ ગામમાં જ છે.

જેથી હાલ આરોપી ગામમાં સરે આમ કાયદાનાં કોઈ ડર કે ભયવગર નિર્ભય ગામમાં રહેતા હોઈ અને રખડતા હોઈ જેથી અમોને તથા અમારા પરિવાને જીવનું જોખમ હોઈ જેથી તેમણે પકડવામાં નહિ આવે તો અમો હાઈકોર્ટનો આશરો લેવો પડશે. જેથી માંગણી છે કે, તેઓને વહેલી તકે પકડી અમો તથા અમારા પરિવાર ઉપર આવેલ જીવનું જોખમ દુર કરવા અંતમાં માંગ કરેલ છે.

જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના ચેરમેનની રજુઆત બાદ

બાબરાનાં કરિયાણા–નાનીકુંડળ માર્ગ ઉપર જંગલ કટિંગ શરૂ થતાં વાહન ચાલકોમાં રાહત

માર્ગ–મકાન વિભાગે જંગલ કટિંગ અભિયાન શરૂ કરવુ જરૂરી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

બાબરા તાલુકાના કરીયાણા થી નાનીકુંડળ તરફ જતા માર્ગ પર બિનજરૂરી રીતે ઊગી નીકળેલી આવળ, બાવળ અને બોરડીની ઝાડીઓના કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. માર્ગની બંને બાજુ ઊગીનીકળેલી ઝાડી–ઝાંખરાના કારણે વાહનવ્યવહારમાં અવરોધ ઊભો થતો હતો, સાથે જ અકસ્માત સર્જાવાની ભીતિ પણ સતત સતાવી રહી હતી. આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે માર્ગ પર જંગલ કટીંગ કરાવવું અત્યંત જરૂરી બન્યું હતું. આ અંગે વિસ્તારના જાગૃત યુવાનો અને સ્થાનિક લોકો દ્વારા જિલ્લા પંચાયતના સભ્ય તથા સિંચાઈ સમિતિના ચેરમેન અમરસિંહભાઈ વાઘેલાને રજૂઆત કરવામાં આવી હતી. લોકોની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને તેઓએ તાત્કાલિક અસરથી સંબંધિત તંત્રને જાણ કરી જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. જેના પગલે તંત્ર દ્વારા કરીયાણા–નાનીકુંડળ માર્ગ પર જંગલ કટીંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. લોકોની રોજિંદી અવર જવરમાં સરળતા રહે અને વાહનચાલકોને સુરક્ષિત રીતે પસાર થવામાં કોઈ મુશ્કેલી ન પડે તે હેતુથી શરૂ કરવામાં આવેલી આ કામગીરીનું જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના ચેરમેન સહિતના અગ્રણીઓએ સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે તાલુકા ભાજપ કિસાન મોરચાના મહામંત્રી ધીઢભાઈ મેટાળીયા, બાબરા તાલુકા ભાજપના મંત્રી રોહિતભાઈ સુસરા, કાર્યાલય મંત્રી હરેશભાઈ ઝાપડિયા તેમજ જયસુખભાઈ મેર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કરીયાણા–નાનીકુંડળ માર્ગ પર જંગલ કટીંગની કામગીરી શરૂ થતાં સ્થાનિક લોકો, વાહનચાલકો અને રાહદારીઓમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. માર્ગ પર ઊગી નીકળેલી ઝાડી–ઝાંખરાના કારણે સર્જાતી મુશ્કેલીઓ દૂર થવાની સાથે વાહન વ્યવહાર વધુ સુગમ બનશે અને અકસ્માતના જોખમમાં પણ ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. લોકોની રજૂઆતને ગંભીરતાથી લઈ તાત્કાલિક કાર્યવાહી કરાવવામાં આવતાં સ્થાનિકોમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે. આ કામગીરીથી લોકસુવિધા અને માર્ગ સુરક્ષાને પ્રાથમિકતા આપવાના પ્રયાસને બળ મળ્યું છે.

સુત્રાપાડા પોલીસની દારૂની હેરાફેરી સામે કાર્યવાહી

રાખેજ રેલ્વે ફાટક નજીક કારમાંથી વિદેશી દારૂની ૩૨૦ બોટલ કબ્જે કરાઈ

એક ઈસમ સામે પ્રોહિબિશન હેઠળ ગુન્હો નોંધ્યો

ઉના, તા. ૨૩

ગીર સોમનાથ જિલ્લામાં દારૂ અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અટકાવવા પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે સુત્રાપાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાખેજ ગામના ફાટક પાસે બાતમીના આધારે કાર્યવાહી કરીને કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે દારૂની ૩૨૦ બોટલો, હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી સ્વિફ્ટ ડિઝાયર કાર અને મોબાઈલ ફોન સહિત કુલ ૩,૯૫,૮૭૩નો મુદ્દામાલ કબજે કર્યો છે.


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

પ્રાપ્ત વિગતો અનુસાર, જૂનાગઢ રેન્જના ડીઆઈજીપી રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સાથે પ્રોહિબિશન અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે અસરકારક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

આ સૂચનાના અનુસંધાને જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ અને વેરાવળ વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ. ચૌધરીના માર્ગદર્શન અનુસાર સુત્રાપાડા પોલીસ ઈન્સ્પેકટર જે.કે. મોરીની રાહબરી હેઠળ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

દરમિયાન મળેલી બાતમીના આધારે સુત્રાપાડા પોલીસ સ્ટેશન વિસ્તારના રાખેજ ગામના ફાટક પાસે માઢતિ સુઝુકી કંપનીની સફેદ રંગની સ્વિફ્ટ ડિઝાયર કાર નંબર જીજે–૦૧ આરસી–૧૨૩૯માં પ્રોહિબિશન સંબંધિત કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કાર માંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ–અલગ બ્રાન્ડની કાચની તથા પ્લાસ્ટિકની કુલ ૩૨૦ બોટલો મળી આવી હતી.

દારૂ સહિત કુલ ૩.૯૫ લાખનો મુદ્દામાલ કબજે, પોલીસે આ કાર્યવાહીમાં કર્યો છે જેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૩૨૦ બોટલો જેની કિંમત રૂા. ૯૦,૮૭૩,દારૂની હેરાફેરીમાં વપરાયેલી સ્વિફ્ટ ડિઝાયર કાર જેની કિંમત રૂમ.૩,૦૦,૦૦૦ મોબાઈલ ફોન જેની કિંમત રૂા.૫,૦૦૦ આમ, પોલીસે કુલ રૂા.૩,૯૫,૮૭૩નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ મામલે રાખેજ ગામના પાળુનો પા વાડી વિસ્તારના રહેવાસી રમેશભાઈ નોઘણભાઈ ઝાલા (ઉંમર ૪૦ વર્ષ, વ્યવસાયે ખેતી) સામે સુત્રાપાડા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન કલમ ૬૫(ઊ), ૯૮(૨) અને ૯૯ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેકટર જે.કે. મોરી, પોલીસ હેડ કોન્સ્ટેબલ બનેસિંહભાઈ મોરી, પોલીસ હેડ કોન્સ્ટેબલ ભાવેશભાઈ ગોવિંદભાઈ મોરી, પોલીસ કોન્સ્ટેબલ હરેશભાઈ વાઝા, પોલીસ કોન્સ્ટેબલ શૈલેષભાઈ સોલંકી અને પોલીસ કોન્સ્ટેબલ સતિષભાઈ ગોહિલ જોડાયા હતા.

ગીર સોમનાથ જિલ્લામાં ગેરકાયદેસર દારૂની હેરા ફેરી અટકાવવા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહી અંતર્ગત દારૂના જથ્થા સાથે વાહન અને અન્ય મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જિલ્લામાં આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે પોલીસની કામગીરી આગળ પણ ચાલુ રહેશે.

અમરેલી શહેર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા તડામાર તૈયારીઓ

અમરેલી ખાતે આજે રાત્રિનાં ભવ્ય ''બ્રહ્મ રાસોત્સવ'' યોજાશે

અમરેલી શહેર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભવ્ય રાસોત્સવ યોજાશે

બ્રહ્મસમાજનાં તમામ પરિવારો, માતાઓ, બહેનો, વડિલો અને યુવાનો શાંતિ અને એકતાથી માતાજીની કરશે આરાધના

લાઠી રોડ ઉપર આવેલ ગણેશ પાર્ટી પ્લોટ ખાતે રાત્રિનાં ૯ કલાકે થશે પ્રારંભ

આ આયોજનમાં રાજકીય તથા સામાજિક આગેવાનો હાજર રહેશે



અમરેલી, તા. ૨૩

અમરેલી ખાતે ગત વર્ષની જેમ આ વર્ષે પર શહેર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ તથા શ્રી પરશુરામધામનાં સહયોગથી ભવ્ય બ્રહ્મ રાસોત્સવનું આયોજન આવતીકાલ શનિવારે લાઠી રોડ ઉપર ગણેશ પાર્ટી પ્લોટ ખાતે રાત્રિનાં ૯ કલાકે આયોજન કરવામાં આવેલ છે.

આ રાસોત્સવમાં ફકત બ્રહ્મ પરિવારોનાં બાળકો, યુવાનો, બહેનો, માતાઓ અને વડિલો જ રાસ રમી શકશે. જે ખેલૈયા ટ્રેડીશનલ ડ્રેસ સાથે બેઈઝ નંબર લીધેલ હશે તે જ ઈનામનાં હકદાર રહેશે.

સમગ્ર રાસોત્સવને સફળ બનાવવા માટે શહેર સમસ્ત બ્રહ્મસમાજનાં પ્રમુખ ભગીરથ ત્રિવેદી, મહામંત્રીઓ મુકેશ તેરૈયા અને અજય પંડયા અને તેની ટીમ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

સામાન્ય બાબતને લઈને ઝગડો થયેલ

ખાંભાનાં ડેડાણ ગામે ચાની દુકાને થયેલ માથાકૂટ બાદ પૂનઃ બઘડાટી

સમાધાન થયા બાદ ડખ્ખો થતાં ફરિયાદ

અમરેલી, તા. ૨૩

ખાંભા તાલુકાના ડેડાણ ગામે આવેલ શામજી મંદિરની બાજુમાં આવેલ શંકર મંદિરે રહેતા કરણપરી પ્રવીણપરી ગોસાઈ નામના ૨૭ વર્ષીય યુવકના કાકાના દિકરા ભાર્ગવપરી મહેશપરી ગોસાઈને ચારેક દિવસ પહેલા ડેડાણ ગામે આવેલ નાગેશ્રી રોડે માલધારી ટી સ્ટોલે ખાંભા તાલુકાના નવા માલકનેસ ગામે રહેતા ચેતન ઉર્ફે બુધ્ધો મનજીભાઈ સોંદરવા નામના આરોપી સાથે માથાકુટ થયેલ હતી અને ભાર્ગવપરીએ યુવકને ફોન કરીને બોલાવતા તે વખતે ત્યાં આ યુવકનો નાનો ભાઈ પ્રતિકપરી પણ આવી ગયેલ હતો.

ત્યારે આરોપી ચેતન ઉર્ફે બુધ્ધોએ યુવક તથા પ્રતીકપરી સાથે માથાકુટ કરેલ હતી અને તે વખતે ગામના આગેવાન પ્રતાપભાઈ કોટીલા (રહે. ડેડાણ) વાળાએ બન્ને પક્ષોને સમજાવી આ બનાવ બાબતે ઘરમેળે સમાધાન કરી નાખેલ હતુ.

બાદમાં આ બનાવનુ મનદુઃખ રાખી બન્ને આરોપી ચેતન ઉર્ફે બુધ્ધો તથા ઈઝહાર ઉર્ફે ભુરો અમીનભાઈ બીલખીયા (રહે. ડેડાણ) વાળાઓએ ગત તા. ૨૧ના આશરે અગીયારેક વાગ્યે યુવક ડેડાણ મુકામે નાગેશ્રી રોડે શીવ ગેરેઝથી ખોડીયાર કીરાણા સ્ટોર તરફ રોડ ક્રોસ કરીને જતા હતા તે વખતે બન્ને આરોપી ટુ–વ્હીલ મોટર સાયકલ લઈને યુવક પાસે આવીને આરોપી પાસે રહેલ લોખંડની પાઈપ વડે યુવકના પગમાં તથા હાથમાં ઘા મારતા યુવક પડી ગયેલ હતો. તે વખતે આરોપીઓએ યુવકને જાનથી મારી નાખવાના ઈરાદે માથાના પાછળ ના ભાગે એક ઘા મારી દીધેલ હતો. આરોપીએ કમરમાં રહેલ છરી કાઢી યુવકને માથાના ભાગે મારવા જતા તે ઘા યુવકને જમણી આંખની ઉપરના કપાળના ભાગે મારી દિધેલ હતી. મારી નાંખવાની ધમકી આપેલ હતી. આ અંગે યુવકે બે આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

લીલીયા મોટાના પી.આઈ. એમ.ડી. સાળુંકેની બદલી થતાં વિદાય અપાઈ



લીલીયા મોટા, તા. ૨૩

લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. તરીકે ફરજ બજાવતા એમ.ડી. સાળુંકેની નાર્કોટિકસ વિંગ, અમરેલી ખાતે બદલી થતાં તેમના માનમાં ભવ્ય વિદાય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પોલીસ સ્ટાફ સહિત ઉપસ્થિત લોકોએ તેમને સન્માનપૂર્વક વિદાય આપી હતી. પીઆઈ એમ.ડી. સાળુંકેએ લીલીયા મોટા ખાતેના પોતાના કાર્યકાળ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળ વવા, શાંતિપૂર્ણ વાતાવરણ જાળવી રાખવા તેમજ પ્રજાની સુરક્ષા અને જાહેર હિતને પ્રાધાન્ય આપીને કામગીરી કરી હતી. તેમની ફરજ નિષ્ઠા, શિસ્તબદ્ધ કાર્યશૈલી અને કામગીરીને યાદ કરી ઉપસ્થિતોએ તેમના કાર્યકાળને બિરદાવ્યો હતો.લીલીયા મોટા પોલીસ સ્ટેશનથી નાર્કોટિકસ વિંગ, અમરેલી ખાતે નવી જવાબદારી સંભાળવા જઈ રહેલા પીઆઈ એમ.ડી. સાળુંકેને પીએસઆઈ વાય એમ જાડેજા સહિત ના ઉપસ્થિતોએ શુભેચ્છાઓ પાઠવી હતી. નવા કાર્યસ્થળે પણ તેઓ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવી સફળતાનાં નવા શિખરો સર કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી વિદાય સમારોહે પોલીસ સ્ટાફ અને ઉપસ્થિતોમાં ભાવુક અને યાદગાર ક્ષણો સર્જી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

અમરેલી એસ.ટી. વિભાગીય કચેરીની ઘોર બેદરકારી સામે આવી

બગસરા : કોરોના મૃતક કર્મચારીનો પરિવાર રૂા. ૨૫ લાખની સરકારી સહાયથી વંચિત

પરિવારને અન્યાય બાબતે ઉચ્ચ સ્તરે તપાસની માંગ

બગસરા, તા. ૨૩

ગુજરાત સરકારના વાહન વ્યવહાર વિભાગ દ્વારા કોરોના મહામારી દરમિયાન ફરજ પર અવસાન પામેલા એસ.ટી. નિગમના ૧૧૫ કોરોના પીડિત કર્મચારીઓના આશ્રિત પરિવારો માટે રૂા. ૨૫ લાખની આર્થિક સહાય મંજૂર કરવાનો સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો હતો. પરંતુ અમરેલી એસ.ટી. વિભાગીય કચેરીના વહીવટી સ્ટાફની ઘોર લાપરવાહી અને બેદરકારીના કારણે બગસરા એસ.ટી. ડેપો ખાતે ચાલુ ફરજે કોરોનામાં મૃત્યુ પામેલા કર્મચારી પ્રફુલભાઈ દિક્ષિતનો આશ્રિત પરિવાર આ સરકારી સહાયથી વંચિત રહી ગયો છે. અન્ય મૃતક કર્મચારીઓના પરિવારોને સહાય મળ તાં, જયારે આ પીડિત પરિવારે અમરેલી વિભાગીય કચેરીની રૂબરૂ મુલાકાત લીધી ત્યારે જાણવા મળ્યું કે બગસરા ડેપો તરફથી આપવામાં આવેલી તેમની દરખાસ્ત અમરેલી વિભાગ દ્વારા કયારેય સેન્ટ્રલ ઓફિસ અમદાવાદ મોકલવામાં જ આવી નહોતી. આટલું જ નહીં, પીડિત પરિવારે માહિતી અધિકાર કાયદા હેઠળ માહિતી માંગતા પોતાની નિષ્ફળ તા અને સચ્ચાઈ છુપાવવા વહીવટી સ્ટાફે ખોટી અને ભ્રામક માહિતી પૂરી પાડી હતી.

અમરેલી વિભાગીય કચેરીએ તા. ૦૨/૦૯/૨૦૨૬ના પત્ર દ્વારા સેન્ટ્રલ ઓફિસ અમદાવાદના મુખ્ય મહેકમ અધિકારીએ પત્રવ્યવહાર કરીને સ્વીકાર્યું છે કે શરતચૂકથી મૃતક કર્મચારી પ્રફુલભાઈ દિક્ષિતનું નામ યાદીમાંથી રહી ગયું હતું. આટલી મોટી ભૂલ હોવા છતાં, આજે પણ કચેરી દ્વારા માત્ર 'કાગળો ચકાસણી હેઠળ છે' અને 'પ્રોસેસ ચાલુ છે' તેવા ગોળ–ગોળ જવાબો આપીને પરિવારને ધક્કા ખવડાવવામાં આવી રહ્યા છે. સરકારના પ્રતિનિધિઓ અને મુખ્યમંત્રીના પોર્ટલ પર ફરિયાદ કરવા છતાં કચેરી સાચી હકીકત છુપાવીને ગેરમાર્ગે દોરી રહી છે.

સરકારની યોજના હોવા છતાં કચેરીની ઘોર બેદરકારીને કારણે આશ્રિત પરિવાર આર્થિક કટોકટીમાં મુકાયો છે. પીડિત પરિવારે માંગ કરી છે કે આ સમગ્ર બેદરકારી અંગે સરકાર દ્વારા ઉચ્ચ કક્ષાએથી તટસ્થ તપાસ કરાવવામાં આવે અને દોષિત વહીવટી કર્મચારીઓ સામે સખત પગલાં ભરી, તેમની પાસેથી પર્સનલ બોન્ડ સ્વરૂપે રકમ વસૂલ કરી પીડિત પરિવારને વહેલી તકે ન્યાય આપવામાં આવે.

આદુ-મરચાથી ભરપુર
સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ કેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરકબાજ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

CASH DISCOUNT
₹ 4000*
સપ્ટેમ્બરની ધમાકેદાર શરૂઆત અને પરીખ હોન્ડા તરફ થી જબરદસ્ત ઓફર
*OFFER TILL 01/09/2026 TO 30/09/2026
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૮૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૯૪૨૨૨ ૩૧૩૨૨
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
Happy New Year 2026
₹6.26 LAKH*
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

MORE COMFORT
Long Comfortable Seat
Underseat Storage 21 L
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મશળો.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

॥ ગાંધીજીના જીવનમાંથી જોવા મળતો હાસ્યરસ ॥

પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ (કાચા સાહેબ)

આપણે સૌ એમ માનીને બેઠા છીએ કે ગાંધીજી, એવડા મોટા માણસ તે વળી હસતા હોય, ગાંધીજી થોડા હસી શકે !, પણ મારો જવાબ છે કે, "કેમ ન હસી શકે ? શું તેઓ માણસ નહોતાં ! શું એમની રમજવૃતિ મારી પરવારી હતી ? ના, પણ આ વાત સમજવા માટે, ગાંધીજીને હસતા જોવા માટે, એમની રમુજ વૃતતિ કેટલી સરળ ને ગહન હતી. એતો જો તેમને વાંચીએ તો જ સમજાય.

ગાંધીજીની આત્મકથા, સત્યનાં પ્રયોગો એનું હાથવગુ સાધન છે. જો જીણવટ પુર્વક વાંચવામાં આવે તો વાતવાતમાં પ્રસંગોમાં ગાંધીજીની રમુજી વૃતિ દેખાશે. વધુ વાત ન કરતાં આવો સાગર જેવડી આત્મકથામાંથી ગાંધીજીની હાસ્ય અંજલિઓની મજા માણીએ.

એ દિવસે જયારે રાજયના સર્વે ચૂંટાયેલા ધારાસભ્યોને સચિવાલયમાં આવેલ પાર્ટીનાં મુખ્યાલયે હાજર થવાનું ફરમાન થયું ને નવોદિત ચૂંટાયેલા ધારાસભ્ય સોરાબજીની બીએમડબલ્યુને મુખ્યદ્વારે ચેકિંગ માટે સિકયુરિટી ગાર્ડે રોકીને આઈકાર્ડ કે આધાર કાર્ડ વગેરે બતાવવાની ફરજ પાડી કે તરત જ સોરાબજીનો પિત્તો એવો ગયો કે તેમણે કારમાંથી નીચે ઊતરીને સિકયુરિટીના હાથમાંથી એકે ૪૭ છીનવી લેવાની કોશિશ કરી ને જોતજોતામાં જ તેમનું ઘર્ષણ ઝપાઝપીમાં પરિવર્તિત થઈ ગયું. એ તો સારૂ થયું કે સોરાબજીના પોતાના અંગત ગાર્ડે વચ્ચે પડીને મામલો શાંત પાડયો. પણ અથડામણની થોડીક ક્ષણોમાં જ મામલો એટલો ગંભીર બની ગયો કે સચિવાલયનું પરિસર ભયસૂચક સાયરનથી ગૂંજી ઊઠયું ને પળવારમાં જ ત્યાં પોલીસવાનનો ખડકલો જમા થઈ ગયો. ચોમેર સમાચાર ફેલાઈ ગયા કે સચિવાલયના પ્રાંગણમાં કોઈ આતંકવાદી ઘૂસી ગયો છે. પરિસરમાં આવેલ વિશાળ સ્કીન પર સીસીટીવીનાં દશ્યો ચમકવા લાગ્યા.

મામલાની ગંભીરતા સમજીને સોરાબજીએ તરત જ પોતે નળવિસ્તારના નવા ચૂંટાયેલા ધારાસભ્ય છે તેમ જણાવ્યું પણ તે પહેલા તો ફરજ પરના પોલીસ ઈન્સ્પેકટરે હુકમ કરતાં ચાર પોલીસ જવાનોએ તેમને દબોચી લઈને હાથકડી પહેરાવી દીધી.

જો કે એ દરમ્યાન જઝડપથી સોરાબજીના અંગત ગાર્ડે પોતાનો મોબાઈલ ફોન કાઢીને પાર્ટી લીડરને અનિચ્છનીય બનાવની ત્વરિત જાણ કરી ને સબઈન્સ્પેકટરને તેના મોબાઈલ પર જ સૂચના આપીને સોરાબજીને અંદર પ્રવેશ અપાયો. ગભરાયેલા સોરાબજી પરસેવે રેબઝેબ થઈ ગયા પણ તેમનો ભીતરનો ક્રોધ આવું અપમાન સહન કરવાને કેમેય રાજી ન હતો.

મને આજ સુધી કોઈ રોકી નથી શકયું ને આ વળી ખાખી માંકડું મને એમનો શ્વાસ ક્રોધમાં જ રૂંધાઈ ગયો.

આ સચિવાલય છે બાપુ. અહીં કડકાઈ રાખવી જ પડે નહીંતર આતંકવાદીઓ અંદર ઘૂસીને નેતાઓને ભડાકે દઈ ઘે. તેના અંગત ગાર્ડે વાસ્તવિકતા સમજાવતાં કહ્યું.

પણ હું કયાં આતંકવાદી છું. હું એવો દેખાઉં છું ? સોરાબજીએ દાંત કચકચાવીને દલીલ કરી. તેમનો અંગત ગાર્ડ હંસી પડયો, આપ તો નેતા છો, આતંકવાદી નહિ. 'પછી તો પોલીસ વાન સોરાબજીની બીએમડબલ્યુ કારને દોરીને છેક પાર્કિંગ સુધી લઈ ગયું જયાં ધારાસભ્યોનાં વાહનો પાર્ક થતાં હતાં. પણ સચિવાલયના પરિસરમાં હાજર દરેક મુલાકાતીની નજર મોટા સ્કીન પર ફલેશ થતા સોરાબજીના ચહેરા પર કેન્દ્રિત હતી.

કારમાંથી ઊતરીને સોરાબજી હજુ મુખ્ય બિલ્ડિંગની લિફ્ટ સુધી પહોંચ્યા ત્યાં તો મુલાકાતીઓની લાંબી કતાર જોઈને તે મનમાં ઊકળી ઊઠયા : આશું ? આટલી મોટી લાઈન ? આ બધું મારાથી સહન નહિ થાય. તેમના અંગત ગાર્ડે તેમને ધીરજ રાખવા જણાવ્યું. અહીં તો બધું સરકારી નિયમ મુજબ ચાલે. તમે ધારાસભ્ય છો. ટેવાવું પડશે. સોરાબજીએ જોયું લિફ્ટમાં પ્રવેશતા દરેક વ્યકિતની મેટલ ડિટેકટરથી સિકયુરિટી તપાસ થતી હતી. તેમનો હાથ હળવેકથી તેમની કોટીની અંદર ખીચીમાં રહેલ પિસ્ટલ પર પડી. તેમણે તરત જ તેમના અંગત ગાર્ડને કહ્યું, આ પિસ્ટલનું શું થશે ? અરે બાપુ ! એ મને આપી દો. હું કારમાં મૂકી આવું. ફરીથી ધમાલ થશે. અંગત ગાર્ડે ભયભીત થતાં કહ્યું. પણ મારી પાસે તેનું લાયસન્સ છે. સોરાબજીએ વિરોધ કર્યો. કયાં છે ? ખીચામાં છે? અંગત ગાર્ડે પ્રશ્ન કર્યો. પિસ્ટલનું લાયસન્સ થોડો હું ખીચામાં લઈને ફરતો હોઈશ. એ તો ઘેર પડયું હશે કયાંક. સોરાબજીએ ખુલાસો કર્યો.

હજુ આ બધી દલીલબાજી ચાલતી હતી ત્યાં તો સોરાબજી લિફ્ટ સુધી પહોંચી ગયાને બ્લેક કમાન્ડો જેવા યુનિફોર્મમાં સજજ એવા સિકયુરિટીએ તેમને કડકાઈથી હુકમ કર્યો, આગળ વધો, સાહેબ. તેણે જેવું મેટલ ડિટેકટર સોરાબજીના શરીર નજીક ફેરવ્યું કે તેમાં ચેતવણી આપતો અસાધારણ અવાજ આવ્યો.

બાજુમાં ખસો, સાહેબ. તેણે સોરાબજીને હડસેલીને બાજુમાં ઊભા રાખી દીધાને બૂમ પાડી, કમાન્ડર, આમની તપાસ કરે. ને તરત જ એક અન્ય સિકયુરિટી ત્યાં દોડી આવ્યોને સોરાબજીની સઘન તપાસ કરીને તેમની કોટીમાંથી પિસ્ટલ બહાર કાઢી.

એ ધારાસભ્ય છે. નવા, હમણાં જ ચૂંટાયા છે. એમની પાસે લાયસન્સ છે. સોરાબજીના અંગત ગાર્ડે દરમ્યાનગીરી કરી. લો આ નંબર પર વાત કરી લ્યો. તેણે મોબાઈલ જોડીને પાર્ટી લીડર સાથે વાત કરવાની વિનંતી કરી. સિકયુરિટીએ મોબાઈલ પર વાત કરતાં કરતાં સોરાબજી સામે જોયા કર્યું ને લગભગ દોઢેક મિનિટ વાત કર્યા પછી હુકમ કર્યો – તમે આઠમા માળે જઈને પાર્ટીના સભાખંડમાં પહોંચી જાવ. કહીને તેણે સોરાબજીને પિસ્ટલ પરત કરીને લિફ્ટમાં જવા પરવાનગી આપી.

આઠમા માળે પાર્ટીના સભાખંડ સુધી પહોચતાં સોરાબજીને ફરીથી સિકયુરિટીને પૂછવું પડયું. જો કે સભાખંડનાં દરવાજે ઊભેલ સિકયુરિટીએ એમને કંઈપણ પૂછયા વગર અંદર જવા દીધા. પોતાના અંગત ગાર્ડ સાથે સભાખંડમાં પ્રવેશતાં જ સોરાબજીને હિલ સ્ટેશન જેવી ઠંડકનો અનુભવ થયો. ઝગમગાટ વિશાળ ખંડ નવા ચૂંટાયેલા બસો જેટલા ધારાસભ્યોના ગણગણાટથી ગૂંજી રહ્યો હતો. સ્ટેજ પર પક્ષનો વિશાળ બેનર શોભી રહ્યો હતો ને પાંચેક ખુરશી પર આગેવાન નેતાઓ બિરાજમાન હતા.

સોરાબજીના પ્રવેશતાં જ પાર્ટી લીડરે મોટેથી માઈકમાં તેમનું સ્વાગત કર્યું, આવો સોરાબજી, આપનું સ્વાગત છે ને સોરાબજી સીધા જ સ્ટેજ પર પહોંચી ગયા. સોરાબજીએ પોતાના મતવિસ્તાર નળમાંથી રેકર્ડબ્રેક એકાવન હજાર મતોની સરસાઈથી જીત મેળવી છે. પાર્ટી લીડર બોલ્યાને આખો ખંડ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠયો. પાર્ટી લીડરના આશ્ચર્ય વચ્ચે સોરાબજીએ તેમના હાથમાંથી માઈક ઝૂંટવી લીધું ને ગર્વિતસ્વરમાં બોલ્યા, હું ખેંગાર સાહેબનો આભાર માનું છું જેમણે પાર્ટી હાઈકમાંડને ભલામણ કરી મને ઈલેકશન લડવા માટે ટિકિટ અપાવી. મેં પણ મારી ફરજ સમજીને દિલ ખોલીને પાર્ટીમાં ફંડ આપ્યું. પરિણામે પક્ષે જંગી જીત મેળવી. હવે જો તમે મને મુખ્યમંત્રી બનાવશો તો હું પક્ષની તિજોરી પૈસાથી છલકાવી દઈશ. એમ કહી સોરાબજીએ પાર્ટી લીડર તરફ જોઈને કડકાઈથી પૂછયું, શું કહો છે, ખેંગાર સાહેબ ! મેં ઠીક કહ્યું ને

ખેંગાર સાહેબ ડઘાઈ ગયા. એમણે સ્વપ્નેય ખ્યાલ નહિ કે નવા ચૂંટાયેલા ધારાસભ્ય સોરાબજી કેબિનેટ મંત્રી તો શું સીધા જ મુખ્યમંત્રીપદના દાવેદાર થઈ જશે. એમણે હસતાં હસતાં સોરાબજીના હાથમાંથી માઈક લઈને કહ્યું આપણે સૌ સોરાબજીની પક્ષ પ્રત્યેની લાગણીને બિરદાવીએ છીએ અને એમને ખાતરી આપીએ છીએ કે એમની સેવાને ધ્યાને લઈને ભવિષ્યમાં હાઈકમાંડ એમને પણ જરૂરથી મુખ્યમંત્રી બનાવશે. આજે તો આપણે સૌ પ્રથમ પક્ષના બંધારણ મુજબ સર્વસંમતિથી આપણો નેતા પસંદ કરવાનો ઊઠયા. એ નેતા હું જ છું, સોરાબજી સ્ટેજ પર જ ગરજી પણ એ માટે પક્ષની બંધારણીય પદ્ધતિનો અમલ કરવો પડે. ખેંગાર સાહેબે નમ્રતાથી અત્યંત ખચકાટ સાથે અસહમતી દર્શાવી. ચૂંટાયેલા ધારાસભ્યો જેને સર્વસંમતિથી પક્ષનો નેતા સ્વીકારે તે જ મુખ્યમંત્રી થઈ શકે.

તો આ સર્વે ધારાસભ્યોને હું જ કહું છું કે મને જ તમારો નેતા પસંદ કરો. સોરાબજી કડકાઈથી અત્યંત ધમકી ભરેલા સ્વરમાં બોલી ઊઠયા : બોલો, કોણ છે મારી સામે ? **(ક્રમશઃ)**



બાલ એકસપ્રેસ



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

વાર્તા : એ કબુતર યાદ રહેશે



સરદારે હવાઈ મથકનો વાયરલેસથી સંપર્ક સાધવા કોશિશ કરી. પોતાનું યંત્ર બગડી ગયું હતું. જર્મનોનું યંત્ર હુમલામાં તૂટી ગયું હતું. ગામ અને વાયુસેના મથક વચ્ચે બત્રીસ–પાંત્રીસ કિલોમીટરનું અંતર હતું, જે અંતર કાપતાં સંદેશવાહકને ઘણો સમય લાગે તેમ હતું. આ સંજોગોમાં એક જ ઉપાય હતો : સંદેશવાહક કબૂતર મારફત સંદેશો મોકલવો.

બીજા વિશ્વ યુદ્ધ વેળા લશ્કરની અનેક ટુકડીઓ આવાં ખાસ સંદેશાવાહક તરીકેની તાલીમ પામેલાં કબૂતરો રાખતી હતી. છપ્પનમી પાયદળ ડિવિઝનની આ ટુકડી પાસે પણ 'જી.આઈ.જાય નામનું કબૂતર હતું. નાયકે એને પગે સંદેશો બાધ્યો : આ થાણા પર અમે હજાર છીએ, અને જર્મન કેદીઓ છે. હુમલો નિવારશોજી. કબૂતરે બરાબર મોકાસર જ સંદેશ પહોંચાડયો. બ્રિટિશ વિમાનો ઊડવાની અણી પર જ હતાં. એટલામાં પેલું ગામડું જીતાઈ ગયાના સમાચાર મળ્યા. વિમાનોના યંત્રો સ્થગિત કરી દેવામાં આવ્યા. જો આ વિમાનો ઊડી ચૂકયા હોત તો હજારેક માનવીનો ખાત્મો થઈ ગયો હોત, અને એ પણ પોતાના લશ્કરના!

આ ઐતિહાસિક સંદેશા–વહન બદલ 'જી.આઈ.જાયને ૧૯૪૬માં લંડનના મેયરે સુવર્ણચંદ્રક આપ્યો હતો. અમેરિકાની સંસદ એટલે કોંગ્રેસે પણ જી.આઈ.જાય'ના માનમાં ઠરાવ કર્યો હતો.

કોઈ એક કબૂતરે હજાર માનવીના પ્રાણ બચાવ્યા હતા, એવું કોઈ કહે તો પહેલાં તો આપણે માનીએ જ નહિ. પરંતુ એ હકીકત છે કે, ૧૮મી ઓકટોબર, ૧૯૪૩ને દિવસે એક કબૂતરે એક હજાર બ્રિટિશ સૈનિકોને મરતા બચાવ્યા હતા. એનું પરાક્રમ માનવજાતને સદા યાદ રહેશે.

વાત બીજા વિશ્વ યુદ્ધની છે. ઈટાલીને મોરચે એક બાજુ જર્મન દળો અને બીજી બાજુ બ્રિટિશ દળો લડી રહ્યાં હતાં. કોલ્વીવેચિયા નામક ગામડા પર જર્મનોનો કાબુ હતો. જો એ સ્થળેથી જર્મનોને હટાવવામાં આવે તો આગળનો ઘણો વિસ્તાર ખુલ્લો થાય એમ હતો. આથી બ્રિટિશ પાયદળ સેનાની સહાયતા કરી રહેલી વાયુસેનાની ટુકડીએ કોલ્વીવેચિયા પર બોમ્બમારો કરવાનું નકકી કર્યું.

દરમ્યાનમાં, પાયદળ લશ્કરની એક અગ્રિમ ટુકડીને ગુપ્ત સમાચાર મળ્યા કે અહીં જર્મન દળ જરા ટૂંકું છે અને એનો દારૂગોળો ખલાસ છે. આથી તમે હલ્લો કરો તો થાણું પાકા ફળની જેમ તૂટી પડે એમ છે. આ અગ્રિમ ટુકડીના નામ કે પોતાના હજારેક સિપાઈઓને હુકમ કર્યો. હલ્લો કરો!

એ ટુકડીએ હલ્લો કર્યો, જર્મનો તરત જ હારી ગયા. શરણે આવ્યા એમને એક મોટા મકાનમાં કેદ કરી દેવામાં આવ્યા. એટલામાં ટુકડીના સરદારને યાદ આવ્યું કે, હવાઈ દળે તો આ થાણા પર હુમલો કરવાનું એ કબૂતર યાદ રહેશે. નકકી કર્યું છે, અને એ શરૂ થવાને હવે ઝાઝી વાર નથી. હવે જો હવાઈ હુમલો રોકવામાં ન આવે તો કેદી જર્મન સૈનિકો ઉપરાંત બ્રિટિશ સૈનિકોનો જ ભુક્કો થઈ જાય!

જ્ઞાન ઝરણાં

પૂ.પા.શાસ્ત્રીજી રામચંદ્ર કેશવરે મહારાજના શ્રીમદ ભાગવત રહસ્ય તથા કથામૃતમાંથી વહેતા

સ્કંધ ચોથો

૩૯૨– જે બોલતાં શરમ આવે તેનો મનથી પણ વિચાર ન કરવો.
૩૯૩– મનુષ્ય પાપને મનમાં છુપાવી રાખે છે તેથી તેનું જીવન બગડે છે.
૩૯૪– ભાવશુદ્ધિ એ મોટામાં મોટું તપછે. જગતના કોઈ પણ જીવ સાથે વિરોધ ન કરવો.
૩૯૫–સર્વપ્રત્યે સમભાવ રાખવાથી સત્કાર્ય સફળ છે.
૩૯૬–તમે બીજામાં ઈશ્વરની ભાવના રાખશો તો બીજા તમારામાં ઈશ્વરની ભાવના રાખશે.
૩૯૭–બુદ્ધિમાં મોટામાં મોટો દોષ અસૂયા છે. મત્સર છે. કોઈની ઈર્ષા ન કરો.
૩૯૮–ઘરના માણસ બહુ વંદન, સેવા કરે ત્યારે માનવું કે ખાડામાં ઉતારવાની તૈયારી છે.
૩૯૯– શ્રદ્ધા દ્રઢ હોવી જોઈએ.


સત્ય કયારે જીતે



મનુભાઈ પંચોળી 'ઝેર તો પીધાં છે નવલકથાનો ત્રીજો ભાગ લખવાની તૈયારીરૂપે, યહૂદીઓની સ્થિતિ સમજવા માટે, ઈઝરાયેલ ગયા હતા. જેમણે ફ્રેંચ ક્રાંતિ વિશે ત્રણ ઉત્તમ ગ્રંથો લખ્યા છે અને વિશ્વ ઈતિહાસના અભ્યાસી એવા પ્રો. એરિક તાલમાનને મળવા તેઓ ગયા હતા. તેમણે તાલમાનને પૂછયું, અમારા દેશનો ધ્યેય મંત્ર છે : ' સત્યમેવ જયતે વિશ્વ ઈતિહાસના અભ્યાસ પછી તમે માનો છો કે ' સત્યનો વિજય થાય છે ?'' પ્રો. તાલમાન થોડી વાર આંખો બંધ કરી બેસી રહ્યા પછી બોલ્યા, ' સંગઠિત સત્ય જીતે છે' સત્ય પણ સંગઠિત હોય ત્યારે જીતે.

(સ્રોત : 'ભમિપત્ર') – મનસુખ સલ્લા

હસવાની મનાઈ છે...



વકીલ ગાંધીજી

શાળામાં ગુરૂજીએ કહ્યું કે, માના પાલવ' પર નિબંધ લખો..! તો લખવાવાળા ગામડાના વિદ્યાર્થીએ માના પાલવ પર શું સરસ લખ્યું છે...
પૂરૂં વાંચશો તો હૃદય ભરાઈ જશે...
આદરણીય ગુરૂજી,

સાડલાનો પાલવ માને ગરિમામય છબી પ્રદાન કરવા માટે હતો. માનો પાલવ ચૂલા ઉપરથી ગરમ વાસણોને ઉતારવામાં કામ આવતો હતો. માનો પાલવ બાળ કોના પરસેવા અને આંસુ લૂછવા, ગંદા કાન, કે મોઢું સાફ કરવા માટે પણ પ્રયોગમાં લેવાતો. બાળકોને જમ્યા પછી માના પાલવથી મોઢું લૂછવાનો અનેરો આનંદ આવતો હતો. કયારેક આંખમાં કંઈ ખૂંચતું તો મા પાલવનું ગોળ ગૂંચળું બનાવી ફૂંક મારી ગરમ કરી આંખ પર



લગાવતી ત્યારે દુ:ખાવો એની મેળે બંધ થઈ જતો. માના ખોળામાં સુવાવાળા બાળકો માટે માનો ખોળો ગાદી અને માનો પાલવ ચાદરનું કામ કરી જતો. જયારે પણ કોઈ અજાણ્યું આંગતુક ઘરે આવતું ત્યારે તો બાળક માનો પાલવનો સંતાવા માટે ઉપયોગ કરતો. તેવી જ રીતે બાળક જયારે જયારે અજાણ્યાથી શરમાઈ જાય ત્યારે પોતાનું મોઢું માના પાલવથી ઢાંકી દેતો. જયારે બાળકને બહાર જવું હોય ત્યારે માનો પાલવ પકડી લેતો અને તે પાલવ જ તેનો માર્ગદર્શક બની જતો.

બાલમિત્રો,



નવરાત્રી પુર્ણ થઈ, ખુબ ગરબા રમ્યા, આનંદ કર્યો, રાત્રે મોડે સુધી રમવાનું ને સવારે મોડા ઉઠવાનું, સ્કૂલ પણ હોય, કયારેક મોડા તો કયારેક જવાનું મોડી વાળતા ખરૂં ને ?

મારે વાત કરવી છે. નવરાત્રી પછીની જુઓને પરીક્ષાઓ શરૂ થઈ ગઈ. થોડા દિવસોનો આનંદ અત્યારે કેવો કઠીન, કડવો લાગે છે ? ભણાવું સહેલું નથી. ખુબ મહેનત માંગી લે છે. ઉઠાય, ન ઉઠાય, લેશન થયું હોય કે ન થયું હોય, ઘેર વઠયા હોય કે નિશાળે શિક્ષક વઠયા હોય, કેવી દશા થાય ? પણ બાળમિત્રો, મારે તમને એટલું જ કહેવું છે કે આવું બધુ ચાલ્યા કરવાનું એમાંથી માર્ગ શોધી કાઢવો જોઈએ. તો જ આપણે વિદ્યાર્થી કહેવાઈએ. તમારી પરીક્ષા સારી નહી હશે, હાર્દિક શુભેચ્છાઓ..

વાર્તા : ગુલાબનું ફૂલ

ગુલાબનું ફૂલ તો સૌને ગમે છે. મને પણ ગમે છે. મેં બહુ જીદ કરી એટલે મમ્મી એક ગુલાબનો છોડ લાવી. બાલ્કનીમાં એ કૂંડું ગોઠવ્યું. હું રોજ એને પાણી આપું છું. એની સાથે વાતો પણ કરૂં છું. એ કશું બોલતો નથી, પણ લાગે છે કે મારી વાતો સમજે છે. હવે તો એનાં નવાં પાન પણ ઊગ્યાં છે. નાનાં નાનાં આછાં લીલાં.

હું શાળામાં ભણ્યો છું કે છોડ પોતાનો ખોરાક જાતે બનાવે છે. સૂરજનાં કિરણોથી એ પોતાનો ખોરાક બનાવે છે. લીલાં પાંદડાંનું એ કામ છે. પણ એ સમજાતું નથી કે ડાળીએ આ ઝીણા કાંટા કેમ ઊગે છે. મેં છોડને પૂછયું પણ ખરૂં. એ તો કશું બોલ્યો નહિ. ચૂપ જ રહ્યો. મેં વિચાર્યું કે શાળામાં બહેનને પૂછીશ. એક અઠવાડિયું થયું. હું હવે રોજ રાહ જોઉં છું. આ છોડ પર ગુલાબ કયારે આવશે ? મમ્મીએ કહ્યું હતું કે પહેલાં નાની લીલી કળી થશે. પછી અંદરથી ગુલાબની કળી દેખાશે અને પછી ગુલાબ ખીલશે. હવે તો દસ દિવસ થયા. કોઈ કળી નહિ, કોઈ ગુલાબ નહિ. રોજ હું પાણી આપું છું. થોડું ખાતર પણ નાખ્યું, અને છોડને પૂછતો રહ્યો, અરે ભાઈ, અમને ગુલાબ કયારે આપશો? એણે કોઈ જવાબ ન આપ્યો. ચૂપ જ રહ્યો. એક સવારે પાણી આપતો હતો ત્યારે.... ત્યારે એક નાની અને એક થોડી મોટી કળી દેખાઈ. આ છોડ પણ મારો બેટો ખરો છે! ચૂપચાપ પોતાનું કામ કરે છે. બોલતો નથી. પણ મેં તો બૂમ પાડી, મમ્મી, મમ્મી, જલદી આવ. જો કળી થઈ છે. મમ્મી આવી. એણે જોઈને કહ્યું, સાચે જ. પણ એને અડીશ નહિ. એ કદાચ રિસાઈ જાય, અને તને કાંટો પણ વાગશે. અરે હાં, હવે સમજાયું. આ કાંટા તો કળીની રક્ષા માટે છે. પણ મમ્મી, ગુલાબ કયારે ખીલશે? મમ્મીએ કહ્યું કે ચાર – પાંચ દિવસ લાગશે. મેં ગણતરી કરી તો મંગળવારે ગુલાબ ખીલશે. મેં કહ્યું,



મમ્મી, મંગળવારે તો પપ્પાનો જન્મદિવસ છે. હું એમને આ સરસ ગુલાબ આપીશ. મમ્મીએ કહ્યું, ના ભઈ, ના ! મંગળવાર એટલે તો ગણપતિદાદાનો વાર. પહેલું લાલ ગુલાબ તો એમને જ ચઢશે. થઈને મુશ્કેલી ! એક તરફ પપ્પા અને બીજી તરફ ગણપતિદાદા. રાહ જુઓ મંગળવારની. એ જ સારૂં છે. સોમવાર તો ચિંતામાં જ પસાર થયો. મંગળવારે ઊઠીને સીધો બાલ્કનીમાં પહોંચ્યો. અને શું જોયું?! છોડ પર લાલ ગુલાબ. પૂરેપૂરૂં ખીલેલું ! શું વટ પડતો હતો એનો ! સૂરજનાં કિરણો એના પર ચમકતાં હતાં. એની પાંખડી મલકાતી જાણે કહેતી હતી, જો, હું આવી. 'હું ધીરેથી એની પાસે ગયો. એને તોડવા જતો હતો. બરાબર કાંટો વાગ્યો. કેમ ભાઈ, ભૂલી ગયા ? બગીચામાં શું લખ્યું હતું ? ફૂલ તોડવાં નહિ.! હા ભઈ હા. અને ટીચરે પણ કહ્યું હતું. બધું યાદ છે. હું તો ખાલી અડવાનો જ હતો. હવે મુશ્કેલી વધી ગઈ. એક તરફ પપ્પા, બીજી તરફ ગણપતિદાદા અને હવે આ નિયમ. સાચું કહું તો છોડ પર એ ગુલાબ એટલું સુંદર દેખાતું હતું કે કોઈ એને તોડી જ ન શકે. પણ હવે પપ્પા અને ગણપતિદાદાને શું કહીશું? બહુ વિચાર્યું. પછી એકદમ સૂઝયું, હું આનું સરસ મજાનું ચિત્ર દોરૂં. અને એ પપ્પાને આપું. હું તો ચિત્રપેટી લાવ્યો ને ત્યાં જ બેસી ગયો. થોડી વારમાં તો બની ગયું લાલ ગુલાબ. બરાબર એના જેવું જ. સાચું ગુલાબ પણ મારી સામે જોઈને હસ્યું... કદાચ..હવે વારો ગણપતિદાદાનો. નહાઈને હું



મંદિરમાં બેઠેલા ગણપતિદાદાને પગે લાગ્યો. અને કહ્યું, ગણપતિદાદા, તમને આખો વખત અહીં બેઠાં બેઠાં કંટાળો નથી આવતો ? ચાલો, આજે તમને સરસ જગ્યાએ લઈ જઉં. એમને ધીરેથી ઉપાડયા અને છોડ નીચે એવી રીતે બેસાડયા કે પેલું લાલ ગુલાબ બરાબર એમના મુગટ પર આવે. ગુલાબ અને ગણપતિદાદા બંને ખુશ! પછી મમ્મી અને પપ્પાને બોલાવ્યાં. પપ્પાને જન્મદિવસની શુભેચ્છા આપી પેલું ગુલાબનું ચિત્ર આપ્યું. પપ્પાએ કહ્યું, 'બહુ જ સુંદર છે ! મમ્મીને કહ્યું, જો, ગણપતિદાદાને પણ મેં લાલ ગુલાબ ચઢાવ્યું છે. જો, બંને કેટલાં ખુશ દેખાય છે ! છે ને? આજે ગણપતિદાદા અહીં જ રહેશે. જુઓ, મેં ફૂલ તોડયું પણ નથી અને પપ્પા અને ગણપતિદાદા બંનેને લાલ ગુલાબ આપ્યું છે.

મમ્મી તો બહુ જ ખુશ થઈ ગઈ. મને ઊંચકી લીધો. મને બચી ભરી અને બોલી, જુગજુગ જીઓ, મારા લાલ!

ફૂલોના દેશની યાત્રા



મહેલ હતો. તેઓ તરત જ ત્યાં પહોંચી ગયાં.

એ મહેલને જોઈને રંજન આશ્વર્યચકિત થઈ ગઈ. એમ લાગતું હતું કે જાણે ફૂલોથી મહેકતો તાજમહેલ જ છે.ચમેલીનાં ફૂલો દરવાજા પર અનેક ચોકીદાર બનીને ઊભા હતાં. પરીએ અંદર જવા માટે અનુમતિ માંગી. અંદર ગયા પછી રંજને જોયું કે મહેલની બધી દીવાલો સૂરજમુખીનાં ફૂલોની બનેલી છે.મખમલ જેવા કોમળ ઘાસથી બધા રૂમનાં તળિયાં બનાવ્યાં હતાં. બારણાં પતંગિયાંની પાંખોનાં હતાં. બધા જ રૂમ બતાવ્યા પછી રંજનને રાજા–રાણીનાં દર્શન કરાવવા લઈ ગઈ. બે–ત્રણ માઈલ લાંબું મેદાન હતું. ત્યાં બંને બાજુ ક્રમબદ્ધ આંબા–નારંગી વગેરે ફળોનાં વૃક્ષો હતાં. રંજન એ જોઈને ખુશ થઈ ગઈ. પરીએ જમીન પર પડેલું એક લાલ સફરજન એને આપ્યું તે એને જોતી જોતી આગળ ચાલવા લાગી.

એક મોટા ઓરડામાં આગળ આવીને પરી ઊભી રહી. દ્વાર પર ઊભેલો ચોકીદાર એમને અંદર લઈ ગયો. સામે જ વેલા વગેરેથી બનેલાં બે સિંહાસન હતાં. એના પર રાજા કમળ અને રાણી ગુલાબ બેઠાં હતાં. અચાનક રાજા–રાણીની અંગરક્ષક જૂઈ સામે આવી, અને ધમકી આપતાં બોલી કે રંજન, તું કેમ ફૂલો તોડે છે ? રાજા–રાણીનું ધ્યાન પણ ત્યાં ગયું. ન્યાયમંત્રી પારિજાતકે આગળ આવીને નિવેદન કર્યું કે, મહારાજ, આ છોકરીને ફૂલો તોડવાની ખરાબ ટેવ છે. તે વગર કારણે અમને બધાંને હેરાન કરે છે. એને સજા કરવી જ જોઈએ. મહારાજને પણ બધી વાતો યાદ આવી. એમણે હુકમ કર્યો કે જયાં સુધી આ છોકરી વિશ્વાસ ન આપે કે તે હવેથી કયારેય ફૂલ તોડશે નહિ ત્યાં સુધી તળાવમાં ડુબાડી દેવી જોઈએ.

આ વાત સાંભળીને રંજન ગભરાઈ ગઈ. તે તરત જ મહારાજને પગે પડીને બોલી કે તે હવે કયારેય ફૂલ તોડશે નહીં. પણ ગુલાબ રાણી હજુ ગુસ્સામાં હતાં. એના કહેવાથી સેવકો એણે ઢસડીને બહાર લઈ ગયા. પછી ત્યાંથી ધક્કો માર્યો.પછડાઈ જવાથી રંજન બૂમ પાડી ઊઠી. તે ઊઠીને બેઠી થઈ અને જોયું કે તે પલંગ પરથી જમીન પર પડી છે. સૂર્યનાં મોનેરી કિરણો રૂમમાં પગલાં પાડી રહ્યા હતાં અને તેનો નાનો ભાઈ પોતાનાં રમકડાંથી રમી રહ્યો છે. રંજનની આંખો આગળ લાંબા સમય સુધી ફૂલોના રાજાનો મહેલ દેખાતો રહ્યો. તે સમજી નહીં શકી કે તે સ્વપ્ન હતું કે રચ હતું. જે કંઈ પણ હતું પણ હવે તેણે ફૂલો તોડવાનું બંધ કર્યું છે. હવે એની માતા એનાથી નારાજ થતી નથી.

પટેલસાહેબ, હું બીજી સગવડ કરી લઈશ.



શકરી પટલાણી બોલી ઊઠયાં. "ગમે તેમ લખે, આપણે એની મોટર રાખવી નથી. એ ભલે મફત વાપરવા આપી જાય, પણ બીજો ઘણો ખર્ચ તો થાય જ ને ? પણ પટેલ માને શાના ? એમણે કહ્યું : 'મોટર રાખવાની જગા વાઘજીભાઈના બંગલાના ચોગાનમાં થઈ રહેશે. તમે હા કહો કે ના, હું તો આજે જ કાગળ લખી દઉં છું કે મોકલાવી દે. આનું નામ તે ખરો દોસ્ત ! બાકી આટલી મોંઘી મોટર તદ્દન મફતમાં વાપરવા કોણ આપે ?, પટલાણીએ કહ્યું: "તમે જાણો ને તમારી મોટર જાણે. દરેક બાબતમાં તમે મન ફાવ્યું કરો છે ને પાછળથી પસ્તાઓ છો. પણ પટેલે તો તે દિવસે જ જવાબ લખી દીધો. મોટર મફતમાં વાપરવા આપવા બદલ આભારમાન્યો. જેમ બને તેમ જલદી રવાના કરવા લખી દીધું. પછી તો એમને રાતદિવસ મોટરનાં જ સ્વપ્નાં આવવા લાગ્યાં. કયારે મોટર આવે ને પટલાણી સાથે લહેરથી ફરવા જવાય ?

એમ કરતાં કરતાં છ દિવસ વીતી ગયાં. પટેલ તો દિલ્હીથી કાગળ આવવાની રાહ જોતા હતા. પણ તેને બદલે સવારના પહોરમાં વાઘેલા સાહેબ પોતે જ આવી પડયા ! પટેલે સારી પેઠે આવકાર આપ્યો. પછી આડીઅવળી વાતો કરવાને બદલે તરત પૂછ્યું: કેમ દોસ્ત ! મારો કાગળ મળ્યો હતો. વાઘેલા બીજું કંઈ બોલ્યા નહિ, એટલે પટેલના મનમાં ધ્રાસકો પડયો. વખતે મોટર આપવાની વાત માંડી તો નહિ વાળી હોય ? એટલામાં પટલાણી ચાહના બે પ્યાલાં મૂકી ગયાં. ચાહ પીધા પછી – વાઘેલાએ કહ્યું : " પટેલ, ભાઈસાબ તમે ભારે નસીબદાર છો. હમણાં હમણાં ભારખાનાના ડબ્બાની ભારે તંગી રહે છે. પણ રેલવે ખાતાના એક મિત્રની લાગવગથી ડબ્બાની સગવડ મળી ગઈ. હું નીકળ્યો તે જ દિવસે મોટર મુંબાઈ આવવા રવાના થઈ ગઈ છે. હવે પટેલને ટાઢક વળી.એમણે વાઘેલાને જમવાનો ખૂબ આગ્રહ કર્યો, પણ એ તો બીજે દિવસે જ ઊપડતી આગબોટમાં જવાના હતા. એમણે કહ્યું : "મારે હજી ઘણું કામ છે તેથી નહિ રોકાવાય. ખોટું ન લગાડશો.

આમ કહી એમણે પટેલને રેલવેની રસીદ આપી. પખવાડિયાએકમાં મોટર આવી જશે એમપણ કહ્યું. પછી જતાં જતાં બોલ્યા : 'મોટરની રસીદ અહીંની ટોમી જોન્સનની ઈજનેરી કંપનીમાં આપી આવજો. તેઓ પોતાના આડતિયા મારફત સ્ટેશનથી મંગાવી લેશે ને જોઈ તપાસી જે કંઈ સમારવા જેવું હશે તે બરાબર કરી ઘેર બેઠાં પહોંચાડશે. હું આજે જાતે ટોમી સાહેબને મળી લઈશ. મારા મિત્ર છે એટલે વાજબી આંકડો બનાવશે. મોટરનો આ સરકારી નોંધણીપત્ર તમારી પાસે રાખી મૂકો.'પછી બીજી વાતો કરી વાઘેલાએ વિદાય લીધી.

ચિત્રમાં રંગ પુરો



રાગ શુદ્ધ કલ્યાણ



આ એક એવો જીવન રાગ છે જેનાથી એકાએક જ મીઠાશ વધી જાય છે. જયારે તમારી સર્વ પ્રવૃત્તિઓ સ્વકેન્દ્રી થઈ જાય અને સ્વહિતની દિશામાં જ તમે પ્રવૃત્ત બનો ત્યારે સ્વ–જનો સાથે પણ કડવાશના પ્રસંગો સર્જાય છે. પરંતુ જેમાં સર્વનું કલ્યાણ હોય એવા કાર્યમાં જોડાવાથી જીવનમાં માધુર્ય વધે છે, કોઈ જુદા જ પ્રકારના આનંદનો અનુભવ થાય છે. ગામના પાદરે નાનકડા બસ સ્ટેન્ડે થોડા વૃક્ષો વાવી એને ફરતા વિરામ માટેના ઓટલા બનાવીએ અને ત્યાં બેઠેલા અજાણ્યા મુસાફરોને જોઈએ ત્યારે હૈયે જે ટાઢક વળે છે એ છે રાગ શુદ્ધ કલ્યાણ. પત્ની માટે બનાવેલા તાજમહાલની સરખામણીમાં આવું એક વૃક્ષ, એક ઓટલે અનેકગણું સુખ આપે છે. જિંદગીમાં જયારે પણ થાકનો, એકલવાયાપણાનો કે કડવાશનો અનુભવ થવા લાગે ત્યારે સમજવું કે હવે રાગ શુદ્ધ કલ્યાણ આલાપવાનો સમય આવી ગયો છે, એ રાગના પ્રારંભિક આરોહથી જ આનંદના ઝરણાંઓ વહેતા થશે.

પાશ્ચાત્ય વાતાવરણમાં પૌર્વાત્ય શિક્ષણ



દેશભક્તિની જેમ હિંદુ સંસ્કૃતિ અને હિંદુ ધર્મનું બીજારોપણ પણ અ જ જ અહીં પણ થયું. સંપૂર્ણ પાશ્ચાત્ય વાતાવરણમાં મુકાવા છતાં એ વાતાવરણ અને એ ભૌતિક વિદ્યાર્થીકાળ દરમિયાન એમના અંતરમાં થઈ ગયું હતું. તેમના પિતાએ તો એવી સતત કાળજી રાખી હતી કે એમના ઉપર હિંદુ ધર્મ કે સંસ્કૃતિન બિલકુલ પ્રભાવ ન પડે. પણ બન્યું તેનાથી ઊલટું જ. જેમ કુમાર સિદ્ધાર્થને રાજા શુદ્ધોધને ઋતુ ઋતુના એવા વિવિધ રંગમહેલોમાં રાખ્યા હતા કે જયાં વૃદ્ધાવસ્થા અને મૃત્યુનું નામનિશાન જોવા ન મળે. આવી તકેદારી છતાં રાજા શુદ્રોધનની ઈચ્છાથી વિપરીત જ બન્યું અને સિદ્ધાર્થ બુદ્ધ બન્યા. એમ સંસ્કૃતિની વચ્ચે પણ શ્રીઅરવિંદને હિંદુ ધર્મ અને સંસ્કૃતિનો પરિચય થયો. તેમણે અંગ્રેજીમાં મેક્સમૂલરે કરેલા અનુવાદોનાં પુસ્તકો પૈકી ટેકેડ બુક આફ ધી ઈસ્ટ' વાંચ્યું. ત્યારે એમને વેદાંતનો ખ્યાલ આવ્યો. અને ત્યારે એમને જણાયું કે વેદાંત એ કંઈ ખાલી મનનો કે ચર્ચાનો વિષય નથી. પર એ તો જીવનમાં જીવવાની વસ્તુ છે. ત્યારે એમણે નિર્ણય કર્યો કે તેઓ મોન– જીવનમાં વેદાંતને જરૂર ઉતારશે.

તમારી જાત ઈશ્વરને સોંપી દો, પછી ભલે એ તારે કે મારે, જીવનરૂપી નાવનું સુકાન ઈશ્વરને સોંપી દો



સંઘર્ષ ના કરો. વિરોધ ના કરો. ઈશ્વરની ઈચ્છા મુજબ તમારી જાતને ઝોલા ખાવા દો. ફૂંકાતા દૈવી પવનમાં તણખલું બની જાઓ. ભગવાનના હાથનું રમકડું બની જાઓ. વ્યક્તિગત અહં છોડીદો. આમ ત્યારે જ બની શકે કે જયારે તમે ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરો; જયારે તમે ઈશ્વરની ઈચ્છાનું સર્વોપરીપણું સ્વીકારો. જયારે તમે માનવીની પ્રારંભ કરવાની શક્તિ કરતાં અને માનવીના પ્રયત્ન કરતાં પણ ઈશ્વરની ઈચ્છા વધુ બળવાન છે એવું માનતા શીખો. નમ્રતા – દીનતા એ નબળાઈ નથી; એ તો તાકાત છે. જેમ જેમ વધારે નમ્રતા તેમ તેમ વધારે તાકાત. તમે ઈશ્વરની ઈચ્છાનો વિરોધ કરતા નથી; તેથી તમારું જીવન સરળતાથી વહેશે. અવરોધ નડશે નહિ, સંઘર્ષ થશે નહિ, નિષ્ફળતા પણ મળશે નહિ. કારણ તમે તમારી ઈચ્છા અને પસંદગીથી કાંઈ જ મેળવવાનો પ્રયત્ન કરતા નથી. આમ કરવાથી તમારું જીવન ખૂબ જ સફળ નીવડશે, કારણ કે તમારા અહંરહિત જીવનમાં ઈશ્વરની શક્તિ અને શાણપણનો પ્રવેશ થશે, જેમ અવકાશને હવા ભરી દે છે તેમ. આ જ કુદરતનો નિયમ છે. માનસિક શાંતિ વગરના લોકો મૂખ્ય એક ભૂલ કરે છે. તેઓ માને છે કે આખી દુનિયા ભોગ ભોગવવા માટે છે અને એવું ઈચ્છે છે કે આ વિશાળ વિશ્વની પ્રત્યેક વસ્તુ અને પ્રત્યેક – વ્યક્તિ તેમની વ્યક્તિગત ઈચ્છાઓ પાર પાડવામાં મદદ કરે અને આખી દુનિયા તેમની યોજનાઓને અનુકૂળ થાય.

આદેશાત્મક ચિહ્નો

પહોળાઈનીમર્યાદા



Width Limit

નિર્ધારિત માપ કરતાં વધુ પહોળાઈ ધરાવતાં વાહન માટે પ્રવેશ–મનાઈ છે.



સ્વચ્છતાનો પાઠ



ઉદ્યમની બાબતમાં આપણે સહુએ લશ્કર પાસેથી ઘણું શીખવા જેવું છે. લશ્કરનો સૈનિક માન પામે છે તેનું મુખ્ય કારણ એ તો છે જ કે તે જીવ હથેળીમાં લઈને સામે મોઢે મોતને ભેટવા જાય છે. પણ તેને વિશેના આદરનું એક બીજું કારણ તેનું નિયમબદ્ધ ને શિસ્તવાળું જીવન પણ છે. લશ્કરની છાવણી જુઓ તો સ્વચ્છતાના નમૂનારૂપ હોય. એનો પાઠ અમને એક વાર ગાંધીજીએ શીખવેલો.

૧૯૩૪ની હરિજન યાત્રા દરમિયાન અમે કુર્ગમાં હતા, ત્યાં એક સવારે ઉતારો છોડી નીકળવાને વખતે તેઓ અમારા ઓરડામાં આવ્યા. જુએ તો ઠેર ઠેર કચરોને કાગળના ટુકડા વેરાયેલા. એ જોઈ એમની આંખ ફરી ગઈ. તેમણે કહ્યું: આવું મૂકીને અહીંથી જવાય જ કેમ ? લશ્કરે જે જગ્યાએ પડાવ નાખ્યો હોય ત્યાંથી મુકામ ઉઠાવતી વખતે જગા બિલકુલ સાફ કરી નાખીને જ જવું એવો નિયમ હોય છે. એ નિયમ આપણે પણ પાળવો જોઈએ. એટલે હવે રોજ જે જગા છોડો તે વાળીઝૂડી સાફ કરીને જ નીકળજો. હું જોઈશ, ને એમાં ચૂક્યા તો સખત ઠપકો આપીશ.

ચાર ભાઈઓની વાર્તા



રાજા વિક્રમ વૃક્ષ પરથી મડદાને ઉતારી ખભે નાખી ચાલતા થયા. વેતાલે વાર્તા રહેવી શરૂ કરી.

વાર્તા : રતનપુરમાં રત્નસિંહ નામે પરાક્રમી અને દાની રાજા રાજ કરતો હતો. એના રાજયમાં પ્રજા ઘણી સુખી હતી. સહુને પેટ પુરતું મળી રહેતું. તેથી ચોરી કે મારામારી જેવા કૃત્યો થતાં નહીં. આમ રાજય પર કુદરતની અસીમ કૃપા હતી.

આ નગરમાં એક વણિક રહેતો હતો. એને ચાર પુત્રો હતા. ચારેય પુત્રોને સંતાનો પણ હતા. આથીએનું કુટુંબ ઘણું મોટું હતું. પરંતુ ભગવાનની કૃપાથી એનો સંસાર સુખેથી ચાલતો હતો.

પરંતુ એક સમય એવો આવ્યો કે કુદરતની કૃપા કોપમાં પરિણમી. મેઘરાજા રિસાઈ ગયા. પાણીની તંગીના કારણે ખેતરો સુકાઈ જતાં મબલખ પાક કરમાઈને નાશ થઈ ગયો. પીવાના પાણીના પણ સાંસા પડવા લાગ્યા. પ્રજા અને ખેડૂતો પાસેનું તેમજ રાજયના કોઠારોનું અનાજ પણ ખલાસ થવા આવ્યું.

પ્રજા પોતાનું ઘરબાર, માલ–મિલકત મુકીને રાજયમાંથી સ્થળાંતર કરવા લાગી. વણિકને પણ મોટું કુટુંબ હોવાથી દુઃખી દુઃખી થઈ ગયો. સમય જતાં એને – ત્યાં પણ ખાવાનાં સાંસા પડવા લાગ્યાં.

એક દિવસ વણિકે પોતાના ચાર પુત્રોને કહ્યું–'હવે આ કારમા દુષ્કાળની પરિસ્થિતિમાં આપણાં વસ્તારી કુટુંબનો નિભાવ થવો મુશ્કેલ છે. માટે તમે ચારે ભાઈ પોતપોતાના સંતાનોને લઈને અલગ અલગ વસવાટ કરો. જેથી તમે દરેક પોતાની જવાબદારી ઉપાડીને સુખે–દુઃખે પણ રહી શકો.'

ચારે ભાઈઓએ પિતાજીની આજ્ઞા માન્ય રાખી. વણિકે પોતાના ચાર મકાન, જે ગામમાં જ હતાં એ દરેક પુત્રને એક એક આપી દીધું. તેમજ જે કાંઈ મૂડી હતી એ ચારે પુત્રોને સરખે ભાગે વહેંચી દીધી.

અજબ–ગજબ

લક્કડખોદ વૃક્ષોની છાલ કોતરવાનું કામ કરે છે. છાલ ખોતરીને નીચેથી જંતુઓને બહાર લાવવાનો એનો હેતુ હોય છે. આ જંતુઓને ખાઈને એ જીવે છે. છાલ ખોતરવા માટે લક્કડખોદ એટલી બધી ઝડપથી ચાંચ વડે ટકટકારો કરે છે કે સાંભળીને માથું પાકી જાય. તમે જાણો છો એ કેટલી ઝડપે ચાંચ મારે છે ? એ ઝડપ ૧,૩૦૦ માઈલ (આશરે ૨,૧૦૦ કિલોમીટર) પ્રતિકલાક જેટલી હોય છે.સલામન્દર એ એક જાતનો કાર્ચીડો છે. સાધારણ કાર્ચીડા કરતાં એ ઘણો મોટો હોય છે. સલામન્દરની પણ જુદી જુદી જાતો છે. યૂરોપના આલ્પ્સ પર્વતોમાં વસતા કાળા મોટા કાર્ચીડાને આલ્પાઈન બ્લેક સલામન્દર કહે છે. આ પ્રાણીની વિશેષતા એ છે કે એના શિશુનો ગર્ભવાસ જગતમાં લાંબામાં લાંબો છે. એનું શિશુ પૂરા સાડા ત્રણ વર્ષ માના પેટમાં રહ્યા પછી જન્મ પામે છે.જગતનો ઊંચામાં ઊંચો જીવ જિરાફ છે અને જગતમાં ઊંચામાં ઊંચો રકતચાપ (બ્લડપ્રેશર) ધરાવનાર જીવ પણ જિરાફ છે.માછલીઓની તો હજારો જાતો છે. એમણે પાણીમાં સરકવાનું હોય છે. કોઈ ઘીમે સરકે છે તો કોઈ ઝડપથી. સૌથી વધુ ઝડપે પાણીમાં સરકનાર માછલી એટલાંટિક સૌઈલફિશ (સઢ–માછલી) છે. એની ઝડપ કલાકદીઠ ૭૮.૮ કિલોમીટરની છે.ઓસ્ટ્રેલિયાનું આગવું જાનવર કાંગારૂ મોટું થાય ત્યારે એની સરાસરી ઊંચાઈ ૧૫૦થી ૧૬૦ સેન્ટિમીટર જેટલી હોય છે. પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે જન્મ વખતે કાંગારૂની લંબાઈ ફક્ત ૨ (બે) સેન્ટિમીટર હોય છે!યૂરોપમાં મિંગબર્ડ (ગણગણાટ ગીત ગાતું પંખી) નામનું એક નાનકડું પંખી થાય છે. વિશ્વનું એ એક જ પંખી છે જે આગળ અને પાછળ બંને દિશામાં ઊડી શકે છે.ચાર પગનાં જાનવર પાણીમાં ઝડપથી તરી શકતાં નથી. ગાય, ભેંસ, હિપોપોટેમસ, શિયાળ, વાઘ વગેરે અસંખ્ય પ્રાણીઓ તરી શકે છે ખરાં પણ ખાસ ઝડપથી નિહ. વધુમાં વધુ ઝડપે તરનારો ચાર પગવાળો કાચબો છે. એની ઝડપ કલાકદીઠ ૩૫ કિ.મી. હોય છે.તમામ ચાર પગનાં જાનવરો જરૂર પડયે પાણીમાં તરી શકે છે. માત્ર ઊંટ એવું જાનવર છે જેને તરતાં આવડતું નથી.

ચોમાસું આવે છે અને વાતાવરણ દેડકાઓના ડ્રાંઉ–ડ્રાંઉથી ભરાઈ જાય છે. છે કતળાવકાંઠે દેડકા બોલતા હોય અને ગામમાં અવાજ સંભળાય છે, કારણ કે દેડકો ઘણો મોટો અવાજ કાઢી શકે છે. પણ સૌથી જબ્બર અવાજ કાઢનાર દેડકો છે ઉત્તર અમેરિકાનો બુલ ફ્રોગ. એનો અવાજ એક માઈલ (૧.૬૨ કિલોમીટર) જેટલે દૂર સાંભળી શકાય છે ! પાંખો પણ નથી અને પૂંછડી પણ નથી, છતાં જે પંખી છે એ ન્યૂઝીલેન્ડનું કીવી છે !

આ મારું ચિત્ર છે



વાળા રિયાંશી
(ધો.૮(બી) પ્રા.શાળા–ટીંબલા)

ડાવર ઉષા કૈલાસભાઈ
(ધો.૮(બી) પ્રા.શાળા–ટીંબલા)



શિલ્પા નાનજીભા વાઘેલા
(ધો.૬(એ) પાણિયા પ્રા.શાળા)

વાળા વીજેન્દ્ર ભયલુભાઈ
(ધો.૮(બી) પ્રા.શાળા–ટીંબલા)

ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ભક્તિ અને સંસ્કૃતિ સાથે ઉજવાયો નવરાત્રિ રાસોત્સવ



ગાયત્રી સંસ્કાર ધામ ખાતે ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, હરિબા મહિલા કોલેજ, સંસ્કૃત શક્તિ ગુરુકુળ, રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલના સયુંકતક્રમે નવરાત્રી રાસોત્સવ અત્યંત ઉત્સાહભેર ઉજવાયો. આ કાર્યક્રમની શરૂઆત સંસ્થાના શિલ્પી પ.પૂ. સંતશ્રી ડા. રતિદાદા, લાલજીદાદા, ભારત ભૂષણ મહેશભાઈ મહેતા,મંજુબા,રસીલાબા તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા માતાજીની આરતી કરી થઈ હતી. ગાયત્રી સંસ્કાર ધામ ખાતે બાળકો, સ્ટાફગણના ભાઈઓ બહેનો પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ રાસ–ગરબામાં જુમી ઉઠ્યા હતા. આ પ્રસંગે બેસ્ટ ડ્રેસ, બેસ્ટ ગરબા, બેસ્ટ આરતી થાળી સુશોભન, બેસ્ટ રાસ જેવી વિવિધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ઈનામો આપી વિજેતાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભારતભૂષણ મહેશભાઈ અને સંસ્થાના ડાયરેક્ટર શીતલબેન દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે બધા માટે પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલીમાં યુવતીને ભગાડી જનાર

આડેધડ ઘા મારી ગંભીર ઈજાઓ કરી હતી. તેમજ આધેડના પત્નિ આશાબેનને પણ ડાબા હાથના ભાગે ઈટનો છુટો ઘા મારી ફેકચર કરી તથા આધેડની ભાણેજને માથાના ભાગે છુટો ઈટનો ઘા મારી ઈજા કરી ચારેય આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ આધેડ સહિતનાઓને ગંભીર ઈજાઓ કર્યાની ચાર સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું

દામનગર ખુલ્લી ગટરને

નીચેની ગટર લાઈન ઉપર કુંડીનું ઢાંકણું તૂટેલી હાલતનો અહેવાલ અખબારમાં પ્રસિદ્ધ થતાં ચોવીશ કલાકની અંદર કુંડી ઉપર નગરપાલિકા પ્રમુખે સૂચના આપતા સેનેટરી ઈન્સ્પેકટર પ્રદિપભાઈ અને કર્મચારીઓએ આજે શુક્રવારે સવારનાં સમયે સીમેન્ટના પાપડા ફિટ કરતા રાહદારીઓ અને ખાસ તો વિદ્યાર્થી વર્ગને રાહત થઈ છે. દિવાળી પર્વો નજીક છે ત્યારે તુટેલા અને અકસ્માત સર્જાઈ શકે એવા રસ્તાઓ ડામર થી મઢવામાં આવે અને જયાં–જયાં પેવર બ્લોક તુટી ગયા છે તેમજ લેવલ ન હોય ત્યાં મરામત કરવામાં આવે, તદ્ઉપરાંત રામજી મંદિરના દરવાજાની સામે મુખ્ય બજારમાં લગભગ–લગભગ એક વર્ષ થી વધુ સમય થી પેવર બ્લોક લેવલમા ન હોય અને ઉખડી ગયેલ હોવાથી વાહન ચાલકો અને રાહદારીઓને તકલીફ પડી રહી હોયઅખબારના આ અહેવાલની નોંધ નવા આવેલ ચિફ ઓફિસર અને જનતાના સેવકો નોંધ લઈ આ સમસ્યાનો નિકાલ લાવવામાં આવે માંગ છે.

પાના ૮ ઉપરનું ચાલું

બગસરા નગરપાલિકા દ્વારા

છે. સુપ્રીમ કોર્ટ દ્વારા પણ ગેરકાયદેસર દબાણો અંગે ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવામાં આવેલ હોઈ, વહીવટીતંત્ર દ્વારા આગામી સમયમાં તમામ જાહેર રસ્તાઓ પરથી ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દબાણ હટાવો ઝુંબેશની શરૂઆત પોલીસ સ્ટેશનથી જેતપુર રોડથી બાયપાસ અટલ પાર્ક ચોકડી સુધી, પોલીસ સ્ટેશનથી ગાયત્રી મંદિર થઈ કુંકાવાવ નાકા સુધી, કુંકાવાવ નાકાથી નૂતન સ્વામી નારાયણ મંદિર થઈ બાયપાસ ચોકડી સુધી તથા કુંકાવાવ નાકાથી આઈ.ટી.આઈ. ધારી–બાયપાસ ચોકડી સુધીના મુખ્ય માર્ગો પર કરવામાં આવશે. ત્યારબાદ ક્રમશઃ શહેરી વિસ્તારના આંતરિક રોડ–રસ્તાઓ પર પણ આવી કામગીરી હાથ ધરવામાં આવશે. જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાના પાંચ દિવસની અંદર જે પણ વ્યકિતઓએ નગરપાલિકા વિસ્તારના જાહેર રોડ કે ખુલ્લી જગ્યાઓ પર ગેરકાયદેસર રીતે છાપરા, લારી, કેબિનો, માલસામાન, ઓટા કે અન્ય કોઈ પણ સ્વરૂપે દબાણ કરેલ હોય, તેમણે તે જાતે હટાવી જમીન ખુલ્લી કરી દેવાની જાણ કરી દેવામાં આવી છે. આગામી સમયમાં કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર તંત્ર સાથે સંકલનમાં રહી બગસરા નગરપાલિકા દ્વારા આ દબાણો દૂર કરવામાં આવશે. આ ઉપરાંત જરૂર જણાયે લેન્ડ ગ્રેબિંગ એકટ અન્વયે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પાના ૧ ઉપરનું ચાલું

કોટડાપીઠાનાં કર્મકાંડી આધેડ

મોબાઈલ નંબરમાંથી આ આધેડના મોબાઈલ નંબરમાં ઈ ચલણની લીંક મોકલી કોઈપણ રીતે આધેડના બેન્ક ઓફ બરોડાના બેંક એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૮,૮૪,૦૯૩ ટ્રાન્સફર કરી તેમજ આધેડના પત્ની બીંદુબેનના બેન્ક ઓફ બરોડા બેન્ક એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૧,૩૪,૧૦૩ આરોપીએ અલગ અલગ ૯ બેન્કમાં ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ અલગ અલગ બેન્ક ખાતા ધારકોએ એક બીજાની મદદગારી કરી રૂા. ૧૦,૧૮,૧૯૮ની ઓનલાઈન છેતરપીંડી ઠગાઈ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું

ધારીનાં ગોવિંદપુર ગામની એસબીઆઈનાં

એસ.બી.આઈ. બેન્કના મેનેજરની ચેમ્બરનો દરવાજો તથા બાજો સાઈડના કાચ તોડી અને વોશરૂમના પેસેજમા જવા માટેના દરવાજાનો કાચ તોડી નાંખી ચેમ્બરના દરવાજા સહિત તમામ કાચની રૂપિયા ૧,૦૦,૦૦૦નુ નુકસાન કરી અને કુહાડી લઈને એસ.બી.આઈ. બેન્કના મેનેજરને મારવા જતા મેનેજર ચેમ્બરના સાઈડના કાચમાંથી નીકળવા જતા મેનેજરને હાથમાં કાચથી જમણા હાથમાં ચીરા પડી જતા ઈજા થયેલ તેમજ આરોપીએ તેના હાથમાં રહેલ કુહાડી વડે એસ.બી.આઈ. બેન્કના કોમ્પ્યુટર નંગ–૨ તોડી નાંખી આશરે કિંમત રૂપિયા ૮૦,૦૦૦ તથા બેન્કનો મેઈન દરવાજાનો કાચનો દરવાજો તોડી નાખી કિંમત રૂપિયા ૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૩૦,૦૦૦નું નુકસાન કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું

રૂપિયા ૨.૦૮ કરોડની છેતરપીંડી કરી

કરતા અને પાટણ જિલ્લાના વરાણા ગામના વતની અને હાલ અમરેલીના ગંગાનગર–૧માં ચક્કરગઢ રોડ ઉપર માદલીયા મંડપ સર્વિસ પાસે રહેતા આરોપીઓ કમલેશભાઈ દેવાભાઈ સિંધવ તથા દિનેશભાઈ કમલેશભાઈ સિંધવ નામના બન્ને આરોપીઓ પટેલ માધવલાલ મગનલાલની કંપનીની આંગડીયાની પેઢીનો ગત તા. ૨ થી ૫ ઓકટોબરના દિન ત્રણનો હિસાબ તથા પેઢી ખાતે જમા આવેલ રોકડ રકમ મળી કુલ આશરે રૂપિયા ૨,૦૮,૦૦,૦૦૦ (બે કરોડ આઠ લાખ) પેઢીના માલિકની જાણ બહાર ઓળવી જઈ પેઢીના માલિકનો વિસઘાત કરી લઈ ગયાની ભાવનગર ખાતે મહેતા શેરી એમ.જી. રોડ ઉપર રહેતા આંગડીયા પેઢી ચલાવતા કૌશિકભાઈ બબલદાસ પટેલે આ બંને આરોપીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ડી.એચ. કાબરીયા અને આર.કે. વઘાસિયા કોલેજ દ્વારા

અમરેલીના કૈલાસ મુકિતધામ ખાતે સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું

વિદ્યાર્થીનીઓમાં સેવાભાવ સહિતની જાગૃતિનો પ્રયાસ



અમરેલી, તા.૨૩

અમરેલી ખાતે એન.એસ.એસ. ની નિયમિત પ્રવૃતિના ભાગરૂપે શ્રીમતિ ડી.એચ. કાબરિયા આર્ટ્સ મહિલા કોલેજ અને શ્રીમતિ આર.કે.વઘાસિયા કોમર્સ મહિલા કોલેજના સંયુકત ઉપક્રમે અમરેલી શહેરનાં કૈલાસ મુકિતધામ ખાતે સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. આ પ્રવૃતિમાં સ્વયંસેવકોએ સફાઈ કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. આ અભિયાનનો હેતું વિદ્યાર્થીઓમાં સેવાભાવ, સામાજિક જવાબદારી અને સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવવાનો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

કરોડો રૂપિયાનાં ખર્ચે થાય છે વિકાસ કાર્યો

જીવનમાં મોટી રાહત મળશે.

રાજય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓના વિકાસ અને નાગરિકોને સુરક્ષિત પરિવહન વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા માટે વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યાં છે. વડેરા ગામે માઈનોર બ્રિજનું નિર્માણકાર્ય સ્થાનિક લોકોની સુવિધામાં વધારો કરવાની સાથે વિસ્તારના માળખાકીય વિકાસને પણ વેગ આપશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર, સરપંચ ભરતભાઈ હપાણી, અગ્રણીઓ નિકુલભાઈ માંડણકા અને પ્રવિણભાઈ માંગરોળિયા સહિતના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કેરાળા

અમરેલી વિધાનસભા ક્ષેત્રના કેરાળા ગામે અંદાજિત રૂા. ૮૦ લાખના ખર્ચે નવનિર્મિત થનાર કેરાળા–મોટા માંડવડા માર્ગના રિસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાંસદ ભરતભાઈ સુતારીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમથી ગ્રામ્ય વિસ્તારની માર્ગ સુવિધાઓને વધુ સુદઢ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ કામગીરીનો પ્રારંભ થયો છે.

કેરાળા–મોટા માંડવડા માર્ગના રિસર્ફેસિંગથી બંને ગામો વચ્ચેનું પરિવહન વધુ સરળ, ઝડપી અને સલામત બનશે. આ માર્ગના નવીનીકરણથી સ્થાનિક ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનોને રોજિંદા આવાગમનમાં નોંધપાત્ર સુવિધા મળશે. માર્ગની સ્થિતિ સુધરવાથી કૃષિ પ્રવૃત્તિઓ, શિક્ષણ અને અન્ય દૈનિક કામગીરી માટેની અવરજવર વધુ સુગમ બનશે.

રાજય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓના વિકાસ અને માર્ગ માળખાને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કેરાળા–મોટા માંડવડા માર્ગનું રિસર્ફેસિંગ કાર્ય આ દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું બની રહેશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, સરપંચ હરેશભાઈ રાઠોડ, અગ્રણી મધુભાઈ હરખાણી સહિતના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સરંભડા

અમરેલી જિલ્લાના સરંભડા મુકામે અંદાજિત રૂા. ૨.૭૫ કરોડના ખર્ચે હાથ ધરાનારા વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યોના પરિણામે સ્થાનિક માર્ગ સુવિધાઓ વધુ સુદઢ બનશે તેમજ નાગરિકોને અવરજવરમાં સુગમતા પ્રાપ્ત થશે.

સરંભડા–હુલરીયા વચ્ચેના હયાત માર્ગનું અંદાજિત રૂા. ૨ કરોડના ખર્ચે રિસર્ફેસિંગ કરવામાં આવશે. આ કામગીરીથી માર્ગની હાલત સુધરશે અને વાહનચાલકોને વધુ સુવિધાજનક અવરજવરનો લાભ મળશે. આ ઉપરાંત, અંદાજિત રૂા. ૫૦ લાખના ખર્ચે ગોપાલગ્રામ માર્ગ પર નવીન સ્લેબ ડ્રેઈનનું નિર્માણ કરવામાં આવશે, જેના પરિણામે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાને વધુ સુદઢ બનાવવામાં મદદ મળશે.

તે ઉપરાંત, અંદાજિત રૂા. ૨૫ લાખના ખર્ચે સુવિધાપથ પર રક્ષણાત્મક દીવાલ (પ્રોટેકશન વોલ)નું નિર્માણ કરવામાં આવશે. આ કામગીરીથી માર્ગ અને આસપાસના વિસ્તારને જરૂરી રક્ષણ પૂરું પાડવામાં મદદ મળશે.

રાજય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ અને પાયાની સુવિધાઓના વિકાસને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. સરંભડા મુકામે હાથ ધરાનારા આ વિકાસકાર્યો સ્થાનિક નાગરિકો માટે ઉપયોગી સાબિત થશે તેમજ ગ્રામ્ય વિસ્તારની માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવામાં યોગદાન આપશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, સરંભડાના સરપંચ વિનુભાઈ દુધાત, સરંભડાના અગ્રણી મોટાભાઈ સંવટ, અગ્રણી મધુભાઈ હરખાણી, તાલુકા પંચાયતના સભ્યો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૬૧૫	૧૬૧૫
૨	ગિરનાર શીંગ	૧૧૫૦	૧૫૮૫
૩	શિંગ મોટી	૧૦૭૦	૧૬૦૦
૪	શિંગદાણા ફાડા	૧૪૦૦	૧૭૦૦
૫	તલ સફેદ	૨૩૦૦	૩૩૩૫
૬	તલ કાળા	૨૫૪૦	૪૨૭૦
૭	તલ કાશ્મીરી	૨૭૫૦	૨૮૪૦
૮	બાજરો	૩૦૦	૪૪૫
૯	જુવાર	૫૪૦	૧૩૭૫
૧૦	ઘઉં ટુકડા	૫૩૦	૭૪૫
૧૧	ઘઉં લોકવન	૫૪૫	૬૩૦
૧૨	મકાઈ	૪૯૦	૫૮૦
૧૩	અડદ	૧૦૦૦	૧૯૦૦
૧૪	ચણા	૧૧૫૦	૧૪૪૫
૧૫	ચણા દેશી	૧૨૦૦	૧૨૦૦
૧૬	સફેદ ચણા	૧૩૬૦	૧૫૦૦
૧૭	છોલે ચણા	૧૫૦૫	૨૦૦૫
૧૮	તુવેર	૧૨૪૫	૧૮૫૦
૧૯	કપાસ	૧૦૪૫	૧૯૭૫
૨૦	એરંડા	૧૫૧૫	૧૫૧૫
૨૧	જીરૂ	૪૮૨૦	૫૧૦૦
૨૨	રાયડો	૧૫૩૦	૧૫૮૫
૨૩	રાય	૧૩૦૦	૧૭૨૫
૨૪	ધાણી	૨૩૩૦	૨૯૭૦
૨૫	મેથી	૧૨૫૦	૧૪૪૦
૨૬	સોયાબીન	૯૦૦	૧૪૭૫

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૮૦	૧૯૮૦
૨	કપાસ મીડીયમ	૧૬૫૦	૧૭૬૦
૩	મગફળી	૧૪૧૦	૧૬૦૦
૪	તલ સફેદ	૨૫૬૫	૩૬૦૦
૫	તલ કાળા	૩૧૭૦	૩૭૦૦
૬	જીરૂ	૪૨૬૮	૫૧૫૦
૭	ચણા	૧૩૫૦	૧૪૪૦
૮	ઘઉં	૫૪૮	૬૦૦
૯	અડદ	૧૬૫૬	૧૯૩૦
૧૦	મગ	૧૬૧૦	૧૯૮૦
૧૧	સોયાબીન	૧૨૭૫	૧૩૫૭

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૩૦૦	૧૬૫૦
૨	શીંગ મોટી	૧૩૩૦	૧૭૩૫
૩	તલ સફેદ	૨૫૭૫	૩૨૩૫
૪	તલ કાળા	૩૨૫૦	૪૧૦૦
૫	જીરૂ	૪૮૫૧	૫૦૮૧
૬	કપાસ	૧૯૦૦	૧૯૮૫
૭	ઘઉં લોકવન	૫૪૧	૬૦૦
૮	ઘઉં ટુકડા	૫૫૦	૬૬૦
૯	જુવાર	૧૦૦૦	૧૩૫૦
૧૦	અડદ	૧૫૦૦	૧૯૧૦
૧૧	ચણા	૧૨૫૦	૧૫૧૫
૧૨	તુવેર	૧૩૦૦	૧૭૦૦
૧૩	રાય/રાયડો	૧૨૦૦	૧૫૫૦
૧૪	સોયાબીન	૧૨૭૦	૧૩૮૦

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૮૮	૧૯૪૩

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૨૦૧	૧૬૪૧
૨	મગફળી	૧૩૫૦	૧૫૫૫
૩	તુવેર	૧૪૫૦	૧૭૬૦
૪	અડદ	૧૮૪૫	૧૮૪૫
૫	એરંડા	૧૪૧૫	૧૪૧૫
૬	સોયાબીન	૧૧૬૧	૧૩૩૩

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૬૦	૧૯૬૫
૨	ઘઉં લોકવન	૫૨૦	૫૩૪
૩	ઘઉં ટુકડા	૫૩૬	૫૫૬
૪	ચણા છોલે	૧૮૧૫	૧૮૧૫
૫	મગફળી	૧૨૦૦	૧૪૦૦
૬	ચણા	૭૦૦	૧૪૩૦
૭	રાય	૧૬૬૦	૧૬૬૦
૮	ધાણા	૩૦૫૦	૩૦૫૦
૯	સોયાબીન	૧૦૩૧	૧૪૨૮
૧૦	તુવેર	૧૫૦૦	૧૫૦૦
૧૧	અડદ	૧૬૬૦	૧૬૬૦
૧૨	તલ સફેદ	૨૫૦૦	૩૧૦૦

શ્રી ત્રંબોડા ગ્રામ પંચાયત કચેરી
મુ. ત્રંબોડા, તા.બાબરા, જી. અમરેલી

:: જાહેર હરરાજી ::

આથી જાહેર હરરાજીમાં રસ ધરાવતા તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે, ત્રંબોડા ગ્રામ પંચાયત દ્વારા જર્જરીત આંગણવાડીનાં ઈમલાની જાહેર હરરાજી તા.૨૭/૧૦/૨૦૨૬ ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે, ત્રંબોડા ગ્રામ પંચાયત કચેરી ખાતે રાખેલ છે. તો રસ ધરાવતા તમામ ઈસમોને હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

હરરાજીની શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

તલાટી કમ મંત્રીશ્રી
ત્રંબોડા ગ્રામ પંચાયત,
તા.બાબરા, જી. અમરેલી

સરપંચશ્રી
ત્રંબોડા ગ્રામ પંચાયત,
તા.બાબરા, જી. અમરેલી

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૬૫૧	૧૯૧૫
૨	મગફળી	૧૧૬૧	૧૪૧૬
૩	ચણા	૧૩૬૦	૧૩૬૦
૪	સોયાબીન	૧૨૧૩	૧૩૬૭
૫	અડદ	૧૬૫૨	૧૮૦૫

બાબરામાં ભાજપનું બૂથ મેનેજમેન્ટ મજબૂત બનાવવા જિલ્લા ભાજપ પ્રમુખ મેદાનમાં



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

આગામી રાજકીય પડકારોને પ્રયાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને વધુ મજબૂત બનાવવા તેમજ સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવાના હેતુથી સમગ્ર રાજય અને દેશમાં શક્તિ કેન્દ્રોની બેઠકો યોજાઈ રહી છે. ત્યારે બાબરા શહેરમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની ઉપસ્થિતિમાં વિવિધ વોર્ડના શક્તિ કેન્દ્રોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બૂથ સ્તર સુધી સંગઠનને વધુ સક્રિય બનાવવા, કાર્યકરો વચ્ચે સંકલન વધારવા અને સરકારની યોજનાઓનો વ્યાપક પ્રચાર–પ્રસાર કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બાબરા શહેરમાં યોજાયેલી આ બેઠક દરમિયાન શહેરના દરેક વોર્ડના શક્તિ કેન્દ્ર પ્રમુખો, સંયોજકો અને પ્રભારીઓએ સંગઠનને મજબૂત બનાવવા માટેની કામગીરી અંગે ચર્ચા કરી હતી. જિલ્લા ભાજપ દ્વારા તમામ શક્તિ કેન્દ્રના હોદ્દેદારોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું, જે સંગઠનના પાયાના કાર્યકરો પ્રત્યે પક્ષની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

સમગ્ર રાજયમાં ભાજપ દ્વારા સંગઠનાત્મક બેઠકોનો દોર ચાલી રહ્યો છે, ત્યારે અમરેલી જિલ્લામાં પ્રથમ વખત જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી શક્તિ કેન્દ્રોની બેઠકમાં ઉપસ્થિત રહી કાર્યકરોને માર્ગદર્શન આપવા પહોંચ્યા હતા. બાબરા શહેરના વોર્ડ નંબર–૧ના જીવનપરા વિસ્તારમાં, વોર્ડ નંબર–૨ અને ઉના ગેબી વિસામા ખાતે તેમજ વોર્ડ નંબર–૪, ૫ અને ૬ના શક્તિ કેન્દ્રોની બેઠક માર્કેટિંગ યાર્ડ ખાતે યોજવામાં આવી હતી.

આ બેઠકોમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, શહેર ભાજપ પ્રભારી અનિલભાઈ વેકરિયા અને ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ ભૂપેન્દ્રભાઈ બસિયાએ ઉપસ્થિત કાર્યકરોને સંગઠનાત્મક કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું. બેઠક દરમિયાન કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલી વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આ યોજનાઓની જાણકારી માત્ર કાગળ પર કે કચેરીઓ સુધી મર્યાદિત ન રહે, પરંતુ બૂથ સ્તરના કાર્યકરોના માધ્યમથી છેવાડાના નાગરિકો સુધી પહોંચે તે માટે સક્રિય કામગીરી કરવા ભાર મૂકવામાં આવ્યો હતો. ભાજપનું સંગઠન બૂથ સ્તરે વધુ મજબૂત બને, શક્તિ કેન્દ્રના હોદ્દેદારો અને બૂથ પ્રમુખોવચ્ચે અસરકારક સંકલન રહે તેમજ સરકારની યોજનાઓના લાભથી કોઈ પણ લાભાર્થી વંચિત ન રહે તે દિશામાં કાર્યકરોને કામગીરી કરવા માર્ગદર્શન અપાયું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, શહેર ભાજપ પ્રભારી અનિલભાઈ વેકરિયા, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ ભૂપેન્દ્રભાઈ બસિયા, શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખર, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ સવજીભાઈ બાંભવા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ લતાબેન ચુડાસમા, કિરીટભાઈ પરવાડીયા, શહેર ભાજપ મહામંત્રી ધર્મેશભાઈ વાવડીયા અને રમેશભાઈ સાંગડિયા, નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલ, કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા સહિત બૂથ પ્રમુખો, શક્તિ કેન્દ્રના પ્રમુખો, સંયોજકો, પ્રભારીઓ અને સ્થાનિક ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાબરા શહેરમાં યોજાયેલી આ શક્તિ કેન્દ્રોની બેઠકોના માધ્યમથી ભાજપે સંગઠનના પાયાના કાર્યકરો સાથે સીધો સંવાદ સાધી બૂથ સ્તરે પક્ષની કામગીરીને વધુ વેગવાન બનાવવા અને સરકારની યોજનાઓને જન–જન સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

અમરેલીનાં ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓ યોગાસન સ્પર્ધામાં અગ્રેસર રહ્યા



અમરેલી, તા. ૨૩

અમરેલી ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી યોગાસન સ્પર્ધામાં ગજેરા કેમ્પસના વિદ્યાર્થી ૧)સોલંકી વંદના – જ્ઞાનશક્તિ (ધોરણ–૦૮), તાલુકા કક્ષા અને જિલ્લાકક્ષા યોગાસન સ્પર્ધામાં ગોલ્ડ મેડલ, ૨)પાનેરી કાવ્ય – ઈ–૧૦, – એસજીએફઆઈ જિલ્લા કક્ષા ગોલ્ડ મેડલ, ખેલ મહાકુંભ – ગોલ્ડ મેડલ – જીવાયએસએ– અમરેલી જિલ્લા યોગાસન સ્પર્ધા– ગોલ્ડ મેડલ, ૩)માલવિયા શુભ – ઈ–૧૦, – જીવાયએસએ– અમરેલી જિલ્લા કક્ષા યોગાસન સ્પર્ધા– બ્રોન્ઝ મેડલ , ખેલ મહાકુંભ – જિલ્લા કક્ષા – સિલ્વર મેડલ, ૪) મુફડલ કપાસી – ઈ–૧૦, – ખેલ મહાકુંભ – જિલ્લા કક્ષા – બ્રોન્ઝ મેડલ, ૫)પટેલ ઢદ્ર – ઈ ૧૦

– જીવાયએસએ– જિલ્લા કક્ષા યોગાસન સ્પર્ધા – બ્રોન્ઝ મેડલ અને ૬) ભાર્ગવ યાદવ – જ્ઞાનશક્તિ (ધોરણ–૦૮) તાલુકાકક્ષામાં ગોલ્ડ મેડલ અને જિલ્લા કક્ષામાં સીલ્વર મેડલ પ્રાપ્ત કર્યો.

વિદ્યાર્થીઓની આ સિદ્ધિ પાછળ માર્ગદર્શન આપનાર યોગ શિક્ષકો, રમતગમત વિભાગના કોચ તથા શાળાના શિક્ષકગણનો પણ મહત્વનો ફાળો રહ્યો છે. વિદ્યાર્થીઓને યોગ્ય તાલીમ, પ્રોત્સાહન અને સતત માર્ગદર્શન મળતાં તેમણે તાલુકા અને જિલ્લા કક્ષાએ પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ વિજેતા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં શિક્ષણની સાથે રમતગમત અને યોગનું પણ વિશેષ મહવ છે. યોગ શરીરને સ્વસ્થ, મનને શાંત અને જીવનને શિસ્તબદ્ધ બનાવે છે. આપણા વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલી આ સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બનશે. તમામ વિજેતા વિદ્યાર્થીઓ, કોચ અને શિક્ષકગણને ખૂબ ખૂબ અભિનંદન તથા ઉજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ.

ગજેરા કેમ્પસ પરિવાર દ્વારા તમામ વિજેતા વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓની આ સિદ્ધિએ કેમ્પસમાં આનંદ અને ગેરવની લાગણી પ્રસારી છે. આવી સિદ્ધિઓથી વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યેનો ઉત્સાહ વધશે અને ભવિષ્યમાં રાજય તથા રાષ્ટ્રીય કક્ષાએ પણ વધુ સફળતા પ્રાપ્ત કરવા પ્રેરણા મળશે.

સંસ્થામાં તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા અને મંત્રી ચતુરભાઈ ખૂંટ તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ વિજેતા ખેલાડી , તેમજ કોચ ગોહિલ જયદેવસિંહને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે,વિદ્યાસભા અને અમરેલીનું ગૌરવ.

અમરેલીમાં શરદપૂનમે રાસોત્સવનો મહાકુંભ !

તથાસ્તુ વિદ્યાપીઠમાં પૂ.જીગ્નેશદાદા રાધે રાધેના સાંનિધ્યમાં ખેલૈયાઓ જમાવશે રંગ

પ્રેમ મંદિરમાં રાજયભરના ખેલૈયાઓ કરશે રાસની રમઝટ

અમરેલી, તા. ૨૩

દુધ પૌઆ મહાપ્રસાદનું પણ આયોજન અમરેલી નજીક આવેલા તથાસ્તુ વિદ્યાપીઠ ખાતે શરદ પૂનમના પાવન પર્વ નિમિત્તે આગામી તા. ૨૫ રવિવારના રોજ ભવ્ય શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તથાસ્તુ વિદ્યાપીઠ ખાતે આવેલ પ્રેમ મંદિર ખાતે પૂજય જીગ્નેશદાદા રાધે રાધેના સાનિપ્રયમાં રાત્રે ૮:૩૦થી મધરાતના૧૨ વાગ્યા સુધી યોજાનારા આ ઉત્સવમાં રાજયભરમાંથી મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉપસ્થિત રહી રાસની રમઝટ બોલાવશે.



શરદ પૂનમના પર્વને ભક્તિ, આનંદ અને પરંપરાગત રાસોત્સવના રંગે રંગવા માટે તથાસ્તુ વિદ્યાપીઠ ખાતે વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. પૂજય જીગ્નેશદાદા રાધે રાધેના સાનિધ્યમાં યોજાનારા આ કાર્યક્રમમાં ખેલૈયાઓ રાસ–ગરબાની રમઝટ સાથે ઉત્સવની ભવ્યતામાં વધારો કરશે. આ ધાર્મિક માહોલ અને ભક્તિભાવ વચ્ચે યોજાનારા આ શરદોત્સવમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાય તેવી અપેક્ષા છે.

કાર્યક્રમના સમાપન પ્રસંગે ઉપસ્થિત સૌ ભાવિકો માટે દૂધપૌંઆના મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું છે. તથાસ્તુ વિદ્યાપીઠના સ્થાપક પૂજય જીગ્નેશદાદા રાધે રાધે દ્વારા શરદોત્સવમાં સહભાગી બની ધન્યતા અનુભવવા અને કાર્યક્રમનો લાભ લેવા મોટી સંખ્યામાં લોકોને ભાવભર્યું આમંત્રણ આપ્યું છે.

૩.૯૯%નો વધારાનો FPPAS ચાર્જ

ગુજરાતમાં વીજળીના બિલ પર નવો બોજ વીજ ગ્રાહકો માટે ચિંતાજનક સમાચાર

લોકશાહીમાં ગ્રાહકને હિસાબ માંગવાનો પણ અધિકાર–કોંગ્રેસ

અમરેલી, તા. ૨૩

ગુજરાતના વીજ ગ્રાહકો માટે ચિંતાજનક સમાચાર, જુલાઈ ૨૦૨૬થી લાગુ કરાયેલા નવા ફ્યુઅલ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટસટ ચાર્જ (એફપીપીએએસ) દર મુજબ હવે વીજળીના બિલમાં યુનિટ દીઠ રૂ. ૨.૪૫નો બેઝ ચાર્જ અને તેના ઉપરાંત ૩.૯૯%નો વેરિએબલ સરચાર્જ લાગુ કરવામાં આવ્યો છે. અગાઉ એપ્રિલથી જૂન દરમિયાન બેઝ ચાર્જ રૂ. ૨.૩૦ પ્રતિ યુનિટ હતો અને વેરિએબલ સરચાર્જ શૂન્ય હતો. એટલે ગ્રાહકો પર એકસાથે બે પ્રકારનો વધારાનો બોજ આવ્યો છે. ત્યારે સતત મોંઘવારી થી પીડાઈ રહેલ જનતાને ભાજપ સરકારે આપેલ ભાવ વધારાના ઝટકા પર આકરા સવાલ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, મોંઘવારીમાં પીસાઈ રહેલી જનતા પર ૩.૯૯%નો સરચાર્જ શા માટે? વીજળીના ઉત્પાદન અને ખરીદીના ખર્ચમાં ખરેખર કેટલો વધારો થયો છે? સરકાર અને વીજ કંપનીઓ તેનો સ્પષ્ટ હિસાબ જાહેર કરશે? કોલસાથી વીજળી બને છે તો ખર્ચનો હિસાબ ક્યાં છે? કોલસા ઉપરાંત ગેસ, અન્ય વીજ સ્ત્રોતો અને વીજ ખરીદીના ખર્ચમાં થતા ફેરફારોને ધ્યાનમાં લઈને એફપીપીએએસ નક્કી થાય છે. તો ગ્રાહકોને ખર્ચનો પારદર્શક હિસાબ કેમ ન આપવામાં આવે? આ વધારો સપ્ટેમ્બર મહિનાના વીજ બિલથી લાગુ થશે. જોકે, તેની ગણતરી ૧ જુલાઈથી કરવામાં આવનાર હોવાથી જુલાઈ અને ઓગષ્ટ મહિનાના બિલમાં થયેલા તફાવતની રકમ પણ ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવશે. ખેતીવાડી વીજ જોડાણોને બાદ કરતાં રહેણાક મકાનો, દુકાનો, આફિસો અને કારખાનાઓ સહિતના વીજ ગ્રાહકોને આ વધારાની અસર થશે.

ઊર્જા ચાર્જ અને સરચાર્જ બંનેનો બોજ કેમ? ગ્રાહકો પાસેથી યુનિટદીઠ રૂ. ૨.૪૫નો એફપીપીએએસ ચાર્જ વસૂલાતો હોય અને તેના ઉપર ૩.૯૯%નો વધારાનો ચાર્જ પણ લાગતો હોય, તો તેની ગણતરી બિલમાં સ્પષ્ટ દેખાવવી જોઈએ. ફિકસચાર્જ પર પણ વધારાની અસર કેમ? લાગુ પડતા નિયમો મુજબ ૩.૯૯%ની ગણતરીમાં ઊર્જા ચાર્જ, બેઝ એફપીપીએએસ અને ફિકસ/ ડિમાન્ડ ચાર્જનો સમાવેશ થાય છે. એટલે ગ્રાહકે વાપરેલી વીજળીના ખર્ચ ઉપરાંત અન્ય ચાર્જ પર પણ તેની અસર થઈ શકે છે. નવા દરો ૧ જુલાઈ ૨૦૨૬થી લાગુ થયા હોવાથી અગાઉના મહિનાઓના બાકી તફાવતની અસર પણ પછીના બિલમાં દેખાઈ શકે છે. તેથી બિલમાં ફ્યુઅલ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટસટ ચાર્જ અથવા સંબંધિત એન્ટ્રી તપાસો. પરંતુ સેથી મોટો સવાલ એ છે કે વીજળીના વધતા ખર્ચનો બોજ સામાન્ય મધ્યમવર્ગીય અને ગરીબ પરિવાર પર જ કેમ પડે? સરકાર અને વીજ કંપનીઓએ દર વધારાના કારણો, ગણતરીની પદ્ધતિ અને ગ્રાહકો પર પડતી અસર અંગે જાહેરમાં સ્પષ્ટતા કરવી જોઈએ. વીજળી જીવનજરૂરિયાત છે, વૈભવ નહીં ગુજરાત સરકાર અને વીજ કંપનીઓએ જવાબ આપવો જોઈએ આ વધારાની ગણતરી કયા ખર્ચના આધારે થઈ? ગ્રાહકોને વિગતવાર હિસાબ અને યોગ્ય માહિતી કયારે મળશે? વીજળીના બિલને સામાન્ય પરિવારો માટે પરવડે તેવું રાખવા શું પગલાં લેવાશે? લોકશાહીમાં ગ્રાહક માત્ર બિલ ભરવા માટે નથી, તેને હિસાબ માંગવાનો પણ અધિકાર છે.

આ રીતે વધશે તમારૂ વીજળીનું બીલ

વીજ વપરાશ	અંદાજિત વધારાની રકમ
૧૦૦ યુનિટ	રૂા. ૩૦ થી રૂા. ૪૫
૩૦૦ યુનિટ	રૂા. ૯૦ થી રૂા. ૧૩૫
૫૦૦ યુનિટ	રૂા. ૧૫૦ થી રૂા. ૨૨૫
૧,૦૦૦ યુનિટ	રૂા. ૩૦૦ થી રૂા. ૪૫૦
૧૦,૦૦૦ યુનિટ	રૂા. ૩,૦૦૦ થી રૂા. ૪,૫૦૦

છેલ્લા ૬ મહિનાથી સતત વધારો થાય છે

અદાણી ગેસનો રૂપિયા ૪.૪૫નો સીએનજી ભાવ વધારો સામાન્ય માણસને કચડી નાખનારો

સીએનજીમાં છેલ્લા ૬ મહિનામાં ૧૬.૧૫નો વધારો : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૨૩

અદાણી ટોટલ ગેસ દ્વારા સી.એન.જી.ના ભાવમાં અચાનક અને ધરખમ રીતે કરવામાં આવેલા રૂ. ૪.૪૫ પ્રતિ કિલોના વધારાની સખત નિંદા કરે છે. આ વધારાને કારણે અમદાવાદમાં સી.એન.જી.નો ભાવ રૂ. ૯૮.૪૭પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. દિવાળીના માત્ર થોડા દિવસ પહેલાં લેવાયેલો આ નિર્ણય સામાન્ય નાગરિકો ખાસ કરીને રિક્ષા ચાલકો, ટેકસી ચાલકો, સ્કૂલ વાન ચાલકો, નાના પરિવહનકારો અને મધ્યમ વર્ગના પરિવારો પર ભારે આર્થિક બોજ લાદશે, જેઓ દૈનિક જીવન અને રોજગાર માટે સી.એન.જી. પર આધારિત છે. આ કોઈ અલગ વધારો નથી. છેલ્લા છ મહિનામાં જ અદાણી ટોટલ ગેસે સી.એન.જી.ના ભાવમાં ઓછામાં ઓછા પાંચ વખત વધારો કર્યો છે. સામાન્ય માણસને કોર્પોરેટ ભાવ નિર્ણયો કે નીતિની નિષ્ફળતાની કિંમત ચૂંકવવી પડે તે વ્યાજબી નથી. ત્યારે કોર્પોરેટની મોનોપોલીથી ચાલતા લૂંટ તંત્ર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડો. હિરેન બેંકરે જણાવ્યું હતું કે, ૨ એપ્રિલ, ૨૦૨૬ રૂ. ૧.૫૦, ૧૬ મે, ૨૦૨૬ રૂ. ૨.૨૫, ૨૭ મે, ૨૦૨૬ રૂ. ૨.૦૦, ૧૯ જુલાઈ, ૨૦૨૬ રૂ. ૨.૦૦, ૧ ઓગસ્ટ, ૨૦૨૬ રૂ. ૪.૦૦, ૨૩ ઓકટોબર, ૨૦૨૬ રૂ. ૪.૪૫ માત્ર લગભગ છ મહિનામાં કુલ વધારો રૂ. ૧૬.૧૫ કરતાં વધુ થઈ ગયો છે. વર્ષની શરૂઆતમાં જાન્યુઆરીમાં થયેલા ટૂંકા ઘટાડા પછી પણ વારંવાર ભાવ વધારવામાં આવ્યા છે. કંપની આંતરરાષ્ટ્રીય એલ.એન.જી.ના ભાવ વધવા અને દેશી ગેસની ઉપલબ્ધતા ઘટવાના કારણો દર્શાવે છે, પરંતુ આખો બોજ સામાન્ય માણસ પર લાદવામાં આવી રહ્યો છે.

ઘરેલુ ગેસ સીલીન્ડર, કોમર્શીયલ ગેસ સીલીન્ડર અને સી.એન.જી.ના માસિક ઈંધણ ખર્ચમાં પણ તીવ્ર વધારો થયો છે, જયારે મોંઘવારી પહેલેથી જ પરિવારોને અસર કરી રહી છે. કેન્દ્ર સરકાર તાત્કાલિક દખલ કરે અને આ ભાવવધારો પાછો ખેંચવાની ખાતરી કરે. અદાણી ટોટલ ગેસ દ્વારા સતત થતા ભાવ વધારાને નિયંત્રણ વિના ચાલુ રહેવા દઈ શકાય નહીં, જયારે સામાન્ય નાગરિક પીડાતો રહે. અમે ગેસની ફાળવણી અને આ વારંવારના ભાવ વધારાના કારણો અંગે સંપૂર્ણ પારદર્શિતાની પણ માંગ કરીએ છીએ. સામાન્ય માણસને કોર્પોરેટ ભાવ નિર્ણયો કે નીતિની નિષ્ફળતાની કિંમત ચૂકવવી પડે તે સ્વીકાર્ય નથી. કોંગ્રેસ આ ભાવ વધારાથી પ્રભાવિત રિક્ષા ચાલકો, પરિવહનકારો અને સામાન્ય પરિવારો સાથે ઊભી છે અને રાહત મળે ત્યાં સુધી આ મુદ્દો ઉઠાવતી રહેશે.

છેલ્લા છ મહિનામાં સી.એન.જી.માં ઝીંકાયેલ ભાવ વધારો.	
૨ એપ્રિલ, ૨૦૨૬	રૂ. ૧.૫૦
૧૬ મે, ૨૦૨૬	રૂ. ૨.૨૫
૨૭ મે, ૨૦૨૬	રૂ. ૨.૦૦
૧૯ જુલાઈ, ૨૦૨૬	રૂ. ૨.૦૦
૧ ઓગસ્ટ, ૨૦૨૬	રૂ. ૪.૦૦
૨૩ ઓકટોબર, ૨૦૨૬	રૂ. ૪.૪૫
કુલ	રૂ. ૧૬.૧૫

૩૦ ઓકટોબરે 'પી.એમ. કિસાન સન્માન નિધિ' કાર્યક્રમ બાદ

અમરેલી ખાતે આગામી ૩૧ ઓકટો.નાં એકતા રેલી (રન ફોર યુનિટી) સહિતના કાર્યક્રમો

રાજયમંત્રી વેકરિયાની ઉપસ્થિતિમાં આયોજન બેઠક યોજાઈ



અમરેલી, તા. ૨૩

આ બેઠકમાં ખાસ ઉપસ્થિત રહેલા રાજયના કાયદો અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ આગામી તા. ૩૦ ઓકટોબરના રોજ આયોજિત થનારા જિલ્લાકક્ષાના 'પી.એમ કિસાન સન્માન નિધિ' કાર્યક્રમ અંગે વહીવટી તંત્રને વિશેષ માર્ગદર્શન પૂરૂ પાડયું હતું. તેમણે ખેડૂત કલ્યાણની આ યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે અને કાર્યક્રમનું આયોજન ખેડૂતલક્ષી બને તે માટે અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. આ બેઠક દરમિયાન સાંસદ ભરતભાઈ સુતરીયા અને જિલ્લા પંચાયત હોદ્દેદાર, આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંયુકત આયોજનના પગલે અમરેલી જિલ્લામાં ઓકટોબર માસના અંતમાં રાષ્ટ્રીય ચેતના અને કૃષિ મહોત્સવનો બેવડો સમન્વય જોવા મળશે. વહીવટી તંત્રના તમામ સહયોગી વિભાગો આ બંને મહત્વપૂર્ણ કાર્યક્રમોને સફળ બનાવવા માટે પરસ્પર સંકલન સાધીને સંપૂર્ણ રીતે સજજ બન્યા છે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર એ.એ.ડોડિયા, અમરેલી પ્રાંત અધિકારી જાડેજા અને વર્ચ્યુઅલ રીતે જોડાયેલ પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, જિલ્લા ખેતીવાડી અધિકારી કાનાણી સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઊર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે ખાતમુહૂર્ત

કુંકાવાવ તાલુકાના તરઘરીથી ખજુરી પીપળીયા માર્ગ પર રૂ. ૭૫ લાખના ખર્ચે પ્રોટેકશન વોલ બનાવાશે

ખેડૂતોને સૌની યોજનાનો વધુ લાભ મળે તે માટે આશરે રૂ. ૭૧ કરોડના ખર્ચે પાઇપલાઇનનું વિસ્તરણ કરાશે



અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકામાં વિકાસકાર્યોને વધુ વેગ આપવાના હેતુથી ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તેતરઘરીથી ખજુરી પીપળીયા માર્ગ પર આશરે રૂ. ૭૫ લાખના ખર્ચે નિર્માણ પામનાર પ્રોટેકશન વોલના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર ખેડૂતોના હિત અને સિંચાઈ સુવિધાઓના વિસ્તરણ માટે પ્રતિબદ્ધ છે. કુંકાવાવ તાલુકાના ખેડૂતોને વધુ લાભ મળી રહે તે હેતુથી રાજય સરકારે સૌની યોજનાની પાઇપલાઈનના હાલના વિસ્તારનો વ્યાપ વધારવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ કામગીરી માટે વિશેષ મંજૂરી આપી છે. આશરે રૂ. ૭૧ કરોડના ખર્ચે કુંકાવાવ તાલુકામાં સૌની યોજનાની પાઇપલાઈનનું વિસ્તરણ કરવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થવાથી આગામી દિવસોમાં તાલુકાનાં વિવિધ ગામોના ખેડૂતો અને ગ્રામજનોને સૌની યોજનાના પાણીનો વધુ લાભ મળશે, જેના પરિણામે ખેતી અને જળ સુવિધાઓને વધુ મજબૂતી મળશે.

આ પ્રસંગે રમાબેન હિરપરા, જે.ડી. ગુજરીયા, પી.વી. વસાણી, કુંકાવાવ એ.પી.એમ.સી.ના ચેરમેન ગોપાલભાઈ અંટાળા, યોગેશભાઈ લાખાણી સહિતના મહાનુભાવો અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ઊર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે

વરસડા ગામે રૂ. ૫.૯૩ કરોડના ખર્ચે વરસડા–નાના માચિયાળા માર્ગના રિસર્ફેસિંગનું ખાતમુહૂર્ત

રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની પ્રેરક ઉપસ્થિતિ

અમરેલી, તા. ૨૩

અમરેલી વિધાનસભા ક્ષેત્રના વરસડા ગામે ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે અંદાજિત રૂ. ૫.૯૩ કરોડના ખર્ચે ૮.૨ કિલોમીટર લાંબા વરસડા–નાનામાચિયાળા માર્ગના રિસર્ફેસિંગિ તમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમથી ગ્રામ્ય વિસ્તારની માર્ગ સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે.

વરસડા–નાનામાચિયાળા માર્ગના નિર્માણથી બંને ગામો વચ્ચેની અવરજવર વધુ સરળ અને સુગમ બનશે. આ માર્ગ સ્થાનિક નાગરિકો, ખેડૂતો અને વાહનચાલકો માટે પરિવહનની સુવિધામાં વધારો કરવામાં ઉપયોગી બનશે. માર્ગ સુવિધાઓના વિકાસથી ગ્રામ્ય વિસ્તારોમાં રોજિંદી અવરજવર ઉપરાંત કૃષિ સહિતની આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ મળશે.

આ પ્રસંગે ઉર્જા રાજયમંત્રીએ ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે માર્ગ અને અન્ય પાયાની સુવિધાઓના વિસ્તરણનું મહત્વ વ્યકત કરતાં જણાવ્યું હતું કે,



ગામડાં સુધી વિકાસની સુવિધાઓ પહોંચે અને લોકોની અવરજવર વધુ સરળ બને એ જ સરકારની પ્રાથમિકતા છે. રાજય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓના વિકાસને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. વરસડા–નાનામાચિયાળા માર્ગનું નિર્માણકાર્ય આ દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પહેલ બની રહેશે.આ પ્રસંગે કાળુભાઈ રાઠોડ, વનરાજભાઈ કોઠીવાળ, રણજીતભાઈ વાળા સહિતના અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

તસ્કરોને કાયદામાં રહેવુ નથી

બાબરા ખાતે રહેણાંક મકાનમાંથી રૂપિયા ૪.૪૨ લાખનાં દાગીનાની ચોરી

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૩

બાબરા ગામે આવેલ ખોજાખાના શેરીમાં રહેતા સોહિલભાઈ શાહબુદીનભાઈ કેશવાણી નામના ૪૫ વર્ષીય આધેડના રહેણાંક મકાનના ગત તા. ૨/૧૦ રાત્રીના ૯ થી તા. ૩ના સાંજના ૬:૩૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે કબાટની તીજોરીનો લોક તોડી તીજોરીમાં રાખેલ સોના–ચાંદીના દાગીના જેમાં મંગળ સુત્ર આશરે ૧૦ ગ્રામ કિંમત રૂપિયા ૧,૫૫,૦૦૦ તથા સોનાની વિંટી નંગ–૩ વજન ૬ ગ્રામ કિંમત રૂપિયા ૯૩,૦૦૦ તથા સોનાની બુટી એક જોડી આશરે ૪ ગ્રામ વજનની કિંમત રૂપિયા ૬૨,૦૦૦ તથા સોનાના નાના પેન્ડલ નંગ ૩ ત્રણ ગ્રામ વજનના આશરે કિંમત રૂપિયા ૪૬,૫૦૦ તથા સોનાનુ એક મોટુ પેન્ડલ નંગ ૧ આશરે ૫ ગ્રામ વજનનુ કિંમત રૂપિયા ૭૭,૫૦૦ તથા ચાંદીના સાંકળા છડા એક જોડી વજન આશરે ૨૦ ગ્રામ કિંમત રૂપિયા ૫,૦૦૦ તથા એક ચાંદીનુ દોરીવાળુ બ્રેસલેટ વજન આશરે ૧૫ ગ્રામ કિંમત રૂપિયા ૩,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૪,૪૨,૦૦૦ના દાગીનાની કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

કલોલનાં વેપારી યુવકે ૪૭૫ તેલનાં ડબ્બા મંગાવી નાણા ન ચુકવ્યા

અમરેલીનાં જીઆઈડીસી વિસ્તારમાં આવેલ દર્શન ઓઈલ મીલનાં માલીક સાથે રૂપિયા ૧૨.૭૬ લાખની છેતરપીંડી

ઓઈલ મીલનાં માલીકે પોલીસ ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં આવેલ જી.આઈ.ડી. સી.માં દર્શન ઓઈલ મીલ ચલાવતા જયંતીભાઈ છગનભાઈ પરમાર નામના ૩૦ વર્ષીય વેપારી યુવકને ગત તા. ૨૪/૫ ના બપોરના આશરે ત્રણેક વાગ્યેથી તા. ૩૦/૫ દરમિયાન કોઈ પણ સમયે કલોલ ગામે રહેતા આરોપીએ પોતાના મો.નં. ૮૪૦૧૭ ૭૭૩૭૧ ઉપરથી ફોન કરી વેપારી યુવકને વિાસમાં લઈ તેમની પાસેથી પ્રથમ વખત ૫૦ સિંગતેલના ડબ્બા કિંમત રૂપિયા ૧,૩૮,૫૪૮ જી.એસ.ટી. સહિત તથા બીજી વખત ડબ્બા કિંમત રૂપિયા ૧,૩૮,૫૪૮ જી.એસ.ટી. સહિત તથા બીજી વખત ૧૨૫ સિંગતેલના ડબ્બા કિંમત રૂપિયા ૩,૪૬,૩૬૯ જી.એસ.ટી. સહિત તથા ત્રીજી વખત ૩૦૦ સિંગતેલના ડબ્બા કિંમત રૂપિયા ૭,૯૧,૩૦૦ જી.એસ.ટી. સહિતનો મુદ્દામાલ ફોન મારફતે મંગાવી લઈ અને અલગ અલગ રકમના બે ચેક આપેલ હતા. જે ચેક વેપારી યુવકે ચેક આપનાર આરોપીના બેંક એકાઉન્ટમાં બેલેન્સ ચેક કરાવતા બેન્ક એકાઉન્ટમાં પુરતી રકમ ન હોય. જેથી વેપારી યુવકે આરોપી પાસે અવારનવાર પૈસાની ઉઘરાણી કરવા છતાં આરોપીએ વેપારી યુવકને સિંગતેલના ડબ્બા કુલ નંગ ૪૭૫ કુલ રૂપિયા ૧૨,૭૬,૨૧૭ જી.એસ.ટી. સહિતના પૈસા ન ચુકવી વિાસઘાત કર્યાની અમરેલીના વેપારી યુવકે કલોલના આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

વેપારી એસોસિયેશનનાં પ્રમુખે ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

અમરેલીનાં ઈન્દિરા શોપીંગ સેન્ટરનાં વેપારીઓ મંદિમાં સપડાયા હોય દુકાનના ભાડામાં વધારો ન કરો

ભાડામાં વધારો ન કરવા તેમજ ટ્રાન્સફર ફી ઘટાડવા પણ માંગ

અમરેલી, તા. ૨૩

અમરેલીના વર્ષો પુરાણા અને પાલિકાની માલીકીનાં ઈન્દિરા શોપીંગ સેન્ટર અને વેજીટેબલ માર્કેટ વેપારી એસોસિયેશનનાં પ્રમુખ યોગેશ કોટેચાએ ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, હાલ મંદિનો માહોલ હોય વેપારીઓની હાલત એકદમ કફોડી હોય તા. ૩૧/૦૭/૨૦૨૭ ના ભાડાના ફેરફાર કરવાનાં હોય હાલ જે ભાડા છે તેમાં કોઈપણ જાતનો ફેરફાર ન કરવા તેમજ દુકાનોની ટ્રાન્સફર ફી અસહય હોય તેમા ફેરફાર કરી ઘટાડવા તેમજ ભાડુઆત ૪૦ વર્ષ જુના હોય ભાડા વધારવા નહી તેમજ અમોને સાંભળ્યા વગર કોઈ નિર્ણય ન લેવો નહી તેવી માંગ અંતમાં કરેલ છે.

સોનાનાં દાગીના છોડાવવા બાબતે યુવક દ્વારા

ધારીનાં ગોવિંદપુર ગામની એસબીઆઈનાં બ્રાન્ચ મેનેજર ઉપર કુહાડી વડે હુમલો

કુલ રૂપિયા ૨.૩૦ લાખનું નુકસાન થયાની ફરિયાદ



અમરેલી, તા. ૨૩

ધારી તાલુકાના ગોવિંદપુર ગામે રહેતા આરોપી સીધ્ધાર્થ શશીકાંતભાઈ સતાસીયાના પિતાજી શશીકાતભાઈની ગોલ્ડ લોન ગોવિંદપુર ગામે એસ.બી.આઈ. બેન્કમાં હોય અને આરોપીના પિતાજી શશીકાતભાઈ મરણ ગયેલ હતા. જે ગોલ્ડ લોન આરોપીએ ભરી આપેલ હતી અને આ ગોલ્ડ લોનના સોનાના ઘરેણા છોડાવવા માટે શશીકાંતભાઈના વારસદારોની સહીઓ કરવી જરૂરી હોવાની લીગલ પ્રોસીજર એસ.બી.આઈ. બેન્કના બ્રાન્ચ મેનેજર કુણાલભાઈ નાથાલાલ રાઠોડે આરોપીને સમજાવેલ.

પરંતુ આરોપીના એક બહેન ઓસ્ટ્રેલિયા ખાતે રહેતા હોય તેમ છતાં આરોપીએ પોતાના પિતાજી શશીકાતભાઈની ગોલ્ડ લોનના ઘરેણા છોડાવવા માટે એસ.બી.આઈ.ના બ્રાન્ચ મેનેજર સાથે માથાકુટ કરતા એસ.બી.આઈ.ના બ્રાન્ચ મેનેજરે ના પાડતા ગત તા. ૨૨ ના રોજ બપોરના ૨ કલાકે આરોપી સીધ્ધાર્થ સતાસીયા પોતાના ઘરે જઈ હાથમાં કુહાડી લઈને એસ.બી.આઈ.ના બ્રાન્ચ મેનેજરની કાયેદેસરની ફરજમાં રૂકાવટ કરી, તેમને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીએ પોતાના હાથમા રહેલ કુહાડી વડે

અનુસંધાન પાના ૬ ઉપર

અખબારી અહેવાલની અસર

દામનગર ખુલ્લી ગટરને પાલિકાએ ઢાંકીને શહેરીજનોને ભયમુક્ત કર્યા

ગણતરીની કલાકોમાં જ સમસ્યા દુર



દામનગર, તા. ૨૩

દામનગરમા અખબારી અહેવાલની અસરથી ખુલ્લી ગટર ઉપર સીમેન્ટના પાપડા મુકી નગરપાલિકાની ટીમનું ઝડપી કામગીરી થી લોકોને થઈ રાહત થઈ છે. અહીંની ગર્લ્સ હાઈસ્કૂલની સામે આવેલ ફૂટપાથ

અનુસંધાન પાના ૬ ઉપર

યુવકો યુવાનીમાં ન કરવાનું કાર્ય કરે અને માતા–પિતાને પરેશાની

અમરેલીમાં યુવતીને ભગાડી જનાર યુવકનાં માતા–પિતા ઉપર થયો હુમલો

યુવતીનાં ભાઈ સહિત ૪ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં આવેલ રોકડીયા પરામાં શનીદેવ મંદિરવાળી શેરીમાં રહેતા કડીયાકામની મજુરી કરતાં બાલુભાઈ ગીગાભાઈ મેર નામના ૫૬ વર્ષીય આધેડના દીકરો વિશાલ અમરેલીમાં રહેતા આરોપી જય ઉર્ફે કાળુ કીશોરભાઈ તલસાણીયાની બહેનને લઈને જતો રહેલ હોય. જે અંગેનું વેર રાખી ગત તા. ૨૨ ના રોજ રાત્રીના આશરે દોઢેક વાગ્યે આધેડ પોતાના ઘરમાં સુતા હોય તે સમયે આરોપી જય ઉર્ફે કાળુ કીશોરભાઈ તલસાણીયા તથા ત્રણ અજાણ્યા ઈસમોએ ઘરની દીવાલ હથીયાર સાથે ટપી ઘરમાં પ્રવેશ કરી આરોપીઓએ આધેડને માથામાં પાઈપ મારી તથા અજાણ્યા બે આરોપીઓએ આધેડને પકડી રાખી આરોપીઓએ આધેડને જાનથી મારી નાખવાના ઈરાદે છરી વડે આધેડના માથાના ભાગે આડેધડ જીવલેણ ઘા મારી તેમજ લાકડી વડે

અનુસંધાન પાના ૬ ઉપર

દબાણ કરનારાઓને નોટિસ આપવામાં આવી

બગસરા નગરપાલિકા દ્વારા શહેરમાં દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરાશે

ટ્રાફિક સમસ્યા નિવારવા થશે કાર્યવાહી

બગસરા, તા. ૨૩

જાહેર રસ્તાઓ પર ગેરકાયદેસર રીતે દબાણ થવાના કારણે જાહેર જનતા તેનો યોગ્ય ઉપયોગ કરી શકતી નથી. આ ઉપરાંત ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ અને અવારનવાર અકસ્માતોના બનાવો પણ બનતા હોય

અનુસંધાન પાના ૬ ઉપર









*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)